ગુજરાત સમાચાર
ગુરુવાર, ૨૨-૧૦-૨૦૨૬

# ધર્મલોક

## ‘વૃંદાવનથી ડાકોર સુધીઃ એક જ ચંદ્ર- અનેક રાસ’

**આ**સો માસની શરદ પૂર્ણિમા એટલે પ્રકૃતિ અને પરમાત્માના દિવ્ય મિલનની અનોખી રાત્રિ છે. શરદ પૂનમની દિવ્ય રાત્રિએ સોળે કળાએ ખીલેલો ચંદ્ર પૃથ્વી પર અમૃત વરસાવી રહ્યો હોય ત્યારે માનવમન પર બ્રહ્માંડના બે પરમ ધામ-વૃંદાવન અને ડાકોર અંકિત થાય છે, વૃંદાવન એ ભક્તિનું હૃદય છે, તો ડાકોર એ ભક્તિનું શ્રેષ્ઠ સમર્પણ છે. બંને ઉર્જાથી ધબકતા આધ્યાત્મિક તીર્થસ્થાનો છે. વૃંદાવન કનૈયાની લીલાઓનું દિવ્ય ધામ છે, તો ડાકોર વાત્સલ્ય અને ભક્તવત્સલતાનું જીવંત પ્રતીક છે. વૃંદાવનની પવિત્ર રજ-કણમાં રાધા-કૃષ્ણ ધબકે છે, જ્યારે ડાકોરમાં ભક્ત બોડાણાની ભક્તિથી પ્રસન્ન થઈ તથા તેનો આત્મિક પ્રેમ જોઈને પ્રભુ સ્વયં શ્રી દ્વારિકાના નાથ ડાકોર પધારે છે. જ્યારે માનવના હૃદયમાં વૃંદાવનના યમુના કિનારે રચાયેલા મહારાસનું અનોખું દ્રશ્ય તથા ડાકોરના ગોમતી તળાવના તીરે પરમ ભક્ત બોડાણાની પ્રેમલક્ષણા ભક્તિનું ભવ્ય ચિત્ર અંકિત થાય છે, ત્યારે જીવાત્મા પરમાત્મા તરફ વળે છે, અને આત્મસાક્ષાત્કાર સહજ બની જાય છે.

આભમાં ચમકતો ચંદ્ર તો એક જ છે, પરંતુ વૃંદાવનથી લઈને ડાકોર સુધી વિસ્તરેલી એ રાસની દિવ્યતા અને આનંદ અનેક સ્વરૂપે અણમોલ છે. ભારતીય ચિંતન કહે છે : ‘‘સત્ય એક છે, પણ તેની અભિવ્યક્તિ અનેક છે.’’ વૃંદાવનનો મહારાસ રાધા અને ગોપીઓની નિર્મળ, નિષ્કામ અને નિ:સ્વાર્થ ભક્તિ છે, જ્યાં ‘માધુર્ય ભાવ’નું સર્વોચ્ચ શિખર અનુભવાય છે. ડાકોરનો ભક્તિપ્રકાશએ ભક્ત બોડાણાની અનન્ય અને સમર્પિત ભક્તિ છે, જ્યાં રાસનું સ્વરૂપ બદલાઈને ‘વાત્સલ્ય ભાવ’માં પરિવર્તિત થાય છે.

ભક્તિના ભાવો બદલાય છે, રાસની શૈલી બદલાય છે, પણ તત્ત્વ તો એક જ છે. વૃંદાવનના કાન્હા અને ડાકોરના શ્રી રણછોડરાયજી બંને એક જ છે. પ્રભુની લીલાઓ ખરેખર અનન્ય, અકળ અને અદ્ભૂત છે. જ્યાં આવી શુદ્ધ, ભાવપૂર્ણ અને અંતરની આસ્થાથી તરબતર ભક્તિ પ્રગટે છે, ત્યાં અખિલ બ્રહ્માંડના નાથ દોડીને આવે છે. ભગવાન પોતાના ભક્તને વરે છે, સ્વીકારી લે છે, હર્ષથી અપનાવે છે, ભેટે છે, અને ભક્તના પ્રેમને વશ થઈ જાય છે. ભગવાન ભક્ત પર પ્રસન્ન થઈને તેના પર આશીર્વાદ અને કૃપાનો વરસાદ વરસાવે છે. ભક્ત બોડાણા, ભક્ત નરસિંહ મહેતા, ભક્તરાજ પ્રહલાદ, શબરી, મીરાંબાઈ, દ્રોપદી... વગેરે ભક્તિમાર્ગના ઉત્તમ ઉદાહરણો છે. મીરાંબાઈએ ગાયું છે કે : ‘મેરે તો ગિરધર ગોપાલ દૂસરા ન કોઈ...’

શરદ પૂનમની રાત્રિનું શીતળ અને મનોરમ સૌંદર્ય નિહાળીને આનંદ માણવાનો તો છે જ, પરંતુ એ શીતળતા અને તેજને માનવે પોતાના અંતરમાં પ્રગટાવવાનું છે. વર્ષાઋતુ પછી ખીલેલી ધરાનું હરિત અને રળિયામણું દ્રશ્ય માનવને પ્રેરણા આપે છે કે પ્રત્યેકે પોતાના જીવનને નવરંગી, ઉમંગી, ચેતનવંતુ અને હરિયાળું બનાવવું જોઈએ. આ એવી પવિત્ર ક્ષણ તથા અનોખો અવસર છે જ્યાં બહારી સૌંદર્ય એ જ માનવીની ‘આધ્યાત્મિક સાધના’ બની જાય છે. આકાશનો ચંદ્ર ભલે મૌન છે, પણ એનું મૌન માનવને ઘણું બધું સમજાવી જાય છે, પૂર્ણિમાની આ ‘અમૃતરાત્રિ’ પોતાના ‘મૌન પગરવ’ દ્વારા માનવને ચૈતન્યશીલ અને સકારાત્મક દિશા તરફ ગતિ કરવાની સુંદર પ્રેરણા પૂરી પાડે છે. જીવનના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી આત્મિક પ્રકાશ રેલાવવાનો આ સોનેરી અવસર છે.

આ શરદ પૂર્ણિમાએ આપણે સૌ આપણી ભીતર એક નાનકડું વૃંદાવન અને ડાકોર સર્જીએ, જ્યાં ગોપીઓ જેવો દિવ્ય ભાવ હોય તથા બોડાણા (ભક્ત) જેવી અતૂટ આસ્થા હોય. આથી રાસવિહારી રાધાકૃષ્ણ અને રણછોડરાય આપણાં હૃદયમંદિરમાં સદાય માટે બિરાજમાન થઈ જાય. કૃષ્ણપ્રેમનો દિવ્ય રાસ તથા ભક્તિનો ભવ્ય ઉલ્લાસ આપણા જીવનને આધ્યાત્મિક આનંદથી ભરી દે તેવી શરદપૂર્ણિમાના દિવસની શુભેચ્છાઓ!

- દિનેશ એલ. જોષીપુરા



# કોજાગરી પૂર્ણિમા - શરદ પૂનમ : આત્મ-જાગૃતિ અને પરમ ચૈતન્યના સાક્ષાત્કારની દિવ્ય રાત્રિ

**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥**

સર્વ પ્રાણીઓને માટે જે રાત્રિ (સૂવાનો-અપ્રવૃત્તિનો) સમય છે તેમાં સંયમી પુરૂષો જાગે છે (પ્રવૃત્તિ કરે છે)

**વિચાર-વીથિકા**

**દેવેશ મહેતા**

અને જેમાં સર્વ પ્રાણીઓ જાગે છે તે આત્મ તત્વને જાણનારા મુનિ માટે રાત્રિ (અપ્રવૃત્તિ)નો સમય હોય છે. (અર્થાત્ સામાન્ય મનુષ્યો જે સાંસારિક આકર્ષણો, ભોગ-વિલાસ પરત્વે જાગૃત રહે છે તે તરફ આત્મજ્ઞાની પુરૂષ નિદ્રિત (વિરક્ત) રહે છે જ્યારે સામાન્ય મનુષ્યો જેને માટે નિદ્રિત (અપ્રવૃત્ત) રહે છે એવા આત્મજ્ઞાન અને પરમાત્માના ચિંતનમાં યોગી, મુનિ સદા જાગૃત રહી એ કાર્યમાં પ્રવૃત્ત રહે છે.

- શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય-૨, શ્લોક-૬૯

શરદ પૂર્ણિમાને કોજાગરી પૂર્ણિમા, કોજાગ્રત પૂર્ણિમા, કૌમુદી પૂર્ણિમા, કુમાર પૂર્ણિમા અને નવઘણ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. અશ્વિન માસના શુક્લ પક્ષની પૂર્ણિમા (આસો સુદ પૂનમ)ના રોજ આ ઉત્સવ ઉજવવામાં આવે છે. એવી ધાર્મિક માન્યતા છે કે શરદ પૂનમની રાત્રે માતા લક્ષ્મી પૃથ્વી પર વિચરણ કરે છે અને જુએ છે કે કોણ જાગે છે (દ્વક્ષ દ્રડચણ) ? એના પરથી અપભ્રંશ થતાં કોજાગરી શબ્દ બન્યો હશે. બંગાળ, ત્રિપુરા, આસામ અને મિથિલામાં આ રાત્રિને કોજાગરી પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. બંગાળીમાં કોજાગરીનો અર્થ 'જાગૃત વ્યક્તિ' એવો થાય છે. આ રાત્રિ દરમ્યાન લક્ષ્મીજી જે વ્રતધારી જાગતા હોય અર્થાત્ જે જાગૃત ચેતના ધરાવતા હોય તેમને આશિષ આપે છે. કોજાગરી પૂર્ણિમા-શરદ પૂનમ આત્મ-જાગૃતિ પ્રાપ્ત કરી પરમ ચૈતન્યનો સાક્ષાત્કાર કરવાની દિવ્ય રાત્રિ છે. ઓડિશામાં આ શુભ દિવસને કુમાર પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે અપરિણીત સ્ત્રીઓ તેમને માટે યોગ્ય વર (કુમાર) મેળવવાની માન્યતા સાથે ઉપવાસ કરે છે. અપરિણીત સ્ત્રીઓ આ ઉત્સવની રાત્રિએ ચંદ્રની પૂજા કરે છે. કુમારિકાઓ ચંદ્રના પ્રકાશમાં રમતો રમે છે અને ગીતો ગાઈ નૃત્ય કરે છે.



શરદ પૂર્ણિમા હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર, શુભ, દિવ્ય રાત્રિ માનવામાં આવે છે. એની ધાર્મિક અને આધ્યાત્મિક ઉપાદેયતા સર્વાધિક માનવામાં આવી છે.

શ્રીમદ્ ભાગવત પુરાણના દશમ સ્કંધના રાસ પંચાધ્યાયી તરીકે ઓળખાતા (અધ્યાય ૨૯ થી ૩૩) પાંચ અધ્યાયોમાં વર્ણન કરાયું છે કે શરદ પૂનમની રાત્રે જ ભગવાન શ્રીકૃષ્ણે વૃંદાવનમાં ગોપીઓ સાથે 'મહારાસ' રચાવ્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણે પોતાની દિવ્ય શક્તિથી આ રાતને બ્રહ્માજીની રાત જેટલી લાંબી અને અલૌકિક બનાવી દીધી હતી. 'ભગવાનપિ તા રાત્રીઃ શરદોત્ફુલ્લ મલ્લિકાઃ । વિક્ષ્ય રન્તું મનશ્ચક્રે યોગમાયામુપાશ્રિતઃ ॥' જે રાત્રિઓમાં શરદ ઋતુના પ્રભાવથી મોગરાના સુંદર પુષ્પો ખીલ્યાં હતાં અને ચારેય તરફ સુગંધ પ્રસરી રહી હતી તે (શરદ પૂર્ણિમાની) રાત્રિઓને જોઈને સ્વયં ભગવાને પણ પોતાની યોગમાયાનો આશ્રય લઈને (ગોપીઓ સાથે) રાસલીલા કરવાનો સંકલ્પ કર્યો. (ભાગવત-૧૦, ૨૯, ૧) ગોપીઓ એ જીવાત્મા છે અને શ્રીકૃષ્ણ એ પરમાત્મા છે. જીવાત્મા જ્યારે માયા, મોહ અને સંસારના દોષો તથા અહંતા-મમતાના બંધનોમાંથી મુક્ત થઈને ઈશ્વરના પ્રેમમાં તલ્લીન થાય તે દિવ્ય સ્થિતિ એટલે જ રાસલીલા. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૩૩ મા અધ્યાયના અંતમાં શુકદેવજી કહે છે કે જે મનુષ્ય પરમ શ્રદ્ધાપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણની આ મહારાસ લીલાનું શ્રવણ કે પઠન કરે છે તેના હૃદયમાંથી કામરૂપી હૃદયરોગ (વાસના) હંમેશ માટે નષ્ટ થઈ જાય છે અને તેને ભગવદ્ ચરણોમાં પરાભક્તિ પ્રાપ્ત થાય છે.

શરદ પૂર્ણિમાની રાત્રે ચંદ્ર પોતાની તમામ સોળ કળાઓથી પૂર્ણ થઈને પૃથ્વી પર અમૃત વર્ષા કરે છે. એટલે શરદ પૂનમની રાત્રે સાકર મિશ્રિત દૂધ-પૌંઆ અથવા દૂધ-ચોખાની ખીર બનાવીને ખુલ્લા આકાશમાં ચંદ્રના કિરણો તેના પર પડે તે રીતે રાખવામાં આવે છે. ચંદ્રના કિરણો દ્વારા આ દૂધ-પૌંઆ કે ખીરમાં અમૃતના ગુણો ભળે છે. મધ્યરાત્રિ પછી તેનો પ્રસાદ આરોગવાથી પિત્ત શાંત થાય છે. રોગપ્રતિકારક શક્તિ (ઇમ્યૂનિટી) વધે છે અને સ્વાસ્થ્ય સારું રહે છે. શરદ પૂર્ણિમાએ ભગવાન શ્રીકૃષ્ણે અલૌકિક મહિમા પ્રદાન કર્યો હતો, તે અત્યારે પણ અખંડ, અક્ષુણ્ણ છે. આ દિવસ ભક્તિ અને આરાધના માટે સર્વોત્તમ કહેવાયો છે. શરદ પૂર્ણિમાની રાત્રિ દરમિયાન કરેલી ઉપાસના પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદની અનુભૂતિ કરાવે છે. આ રાત્રે ગરબા-રાસ રમવાનું તાત્પર્ય પણ આ જ છે.

---

# ચિંતા ઉતાવળ કરાવે છે

કૈકેયી રાજા દશરથની માનીતી રાણી હતી. કૈકેયીની એક દાસી મંથરા, તેના પિયરથી તેની સાથે જ આવી હતી. મહેલમાં કૈકેયીનો પડ્યો બોલ ઝીલાતો. તેના આદરને લીધે મંથરાને પણ માન મળતું. કૈકેયીનો એટલો વટ હતો કે કોઈ મંથરા સાથે વાદ-વિવાદ કરતું નહિ. ઘણીવાર તો કૈકેયીને મળવા મંથરાની રજા લેવી પડતી. શ્રીરામના રાજ્યાભિષેકના એક દિવસ પહેલાં મંથરાને અતિ હર્ષનાદ સંભળાયો. તે છત પર ગઈ. અયોધ્યાની સડકો પર સુગંધિત ચંદન જળનો છંટકાવ થઈ રહ્યો હતો. કમળ, ગુલાબ, મોગરા જેવા ફૂલોની પાંદડીઓ સડકો પર મહેંકી રહી હતી. ધજાઓ ફરકી રહી હતી. ઘર લીંપાઈ ગયાં હતાં. રંગોળી પૂરાઈ રહી હતી. મંથરા આ હર્ષોલ્લાસ જોઈ આશ્ચર્ય પામી તેણે તરત રામની દાયણને પૂછ્યું. ''અરી, આટલો વૈભવ, આટલો ઉત્સાહ કેમ વરતે છે ? '' દાયણે કહ્યું, ''તમને ખબર નથી ? કાલે રઘુનંદન શ્રીરામનો યુવરાજ પદ પર અભિષેક થવાનો છે, એટલે આખું અયોધ્યા ઉત્સાહમાં છે.'' આ સાંભળતાં જ મંથરાના પેટમાં તેલ રેડાઈ ગયું, તે ઉતાવળે પગલે દોડીને કૈકેયીના મહેલમાં પહોંચી. ઊંઘતી કૈકેયીને ઢંઢોળીને જગાડી.'' ઉતિષ્ઠ મૂઢે કિં શેષે ભયં....વા....રા... અયોધ્યાકાંડ વિચાર કરો. મંથરા કૈકેયીની દાસી છે છતાં તેનું પદ, તેનું અસ્તિત્વ ટકાવવાની ચિંતામાં રાણીને મૂર્ખ કહી સંબોધે છે! ''અરે, મૂર્ખ, ઊઠ, ઊંઘમાંથી જાગી જા! તારા માથા પર ભયંકર ભય ઝઝૂમી રહ્યો છે. દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.'' જોકે શ્રીરામના રાજ્યાભિષેકના સમાચાર સાંભળી કૈકેયી રાજી થઈ ગઈ. તેણે કહ્યું શ્રીરામે વા ભરતે વાહં વિશેષં નોપલક્ષયે) હું રામ અને ભરતમાં કોઈ ભેદ જોતી નથી. મને તો આ સમાચાર સાંભળી ખૂબ આનંદ થયો. ''પણ મંથરાની ચિંતા તેના ખુદના ભવિષ્યની હતી. જો શ્રીરામ રાજા બને તો કૌશલ્યા મહારાણી બની જાય. કૈકેયીનું માન ઘટી જાય. અત્યારે રાજા દશરથ જેટલું ધ્યાન રાખે છે એટલું પછી ના રાખે! અને જો કૈકેયીનો મોભો ઘટી જાય પછી પોતાનું શું ? દાસીનો પછી કોણ ભાવ પૂછે ? ના, મહારાણી તો કૈકેયી જ બનવી જોઈએ, કૈકેયીની પ્રતિષ્ઠામાં જ પોતાને લાભ છે. તેને કોઈપણ રીતે કૈકેયીનું માન ઘટવા દેવું નહોતું. એક દાસીએ તેના ભવિષ્યની ચિંતા દૂર કરવાની ઉતાવળમાં કૈકેયીના કાન ભંભેર્યા. તે કોઈપણ હિસાબે શ્રીરામનો રાજ્યાભિષેક રોકવા માંગતી હતી. તેણે કૈકેયીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, ''તવ દુઃખેન કૈકેયિ મમ દુઃખં મહદ્ ભવેત્,

ત્વદ્વૃદ્ધૌ મમ વૃદ્ધિશ્ચ ભવેદિહ ન સંશયઃ.'' વા.રા. અયોધ્યાકાંડ કૈકેયી તું સમજ! જો તું દુઃખી થશે તો મારે પણ ભારે દુઃખ ભોગવું પડશે. એમાં કોઈ શંકા નથી કે તારી ઉન્નતિમાં જ મારી ઉન્નતિ છે. ''છેવટે કૈકેયીને મનાવવા મંથરાએ બુદ્ધિ વાપરી.

''જો કૈકેયી, શ્રીરામ રાજા બનશે તો ભવિષ્યમાં તેનો પુત્ર જ રાજા બનશે. આ પરંપરા આગળ વધી તો ભરત તો રાજગાદીથી અલગ જ થઈ જશે. ભરત કદી અયોધ્યાનો રાજા બની જ નહિ શકે. શ્રીરામ રાજા બનશે તો કૌશલ્યા મહારાણી બની જશે. અને તું શોક્ય-બીજી પત્ની! પછી તો રાજાનો પ્રેમ ઘટી જશે. જો રામ રાજા બનશે તો તારો વટ ઘટી જશે, તારી આબરૂ ઘટી જશે. તારો કોઈ ભાવ નહિ પૂછે! અને હું - ? હું તો સાવ નોકરાણી જેવી થઈ જઈશ!! ના, આવું ન થવુ જોઈએ. ભરતને રાજગાદી મળવી જ જોઈએ. તું તારા બાકી રહેલાં વરદાન માંગી તારૂં સુખ નિશ્ચિત કરી દે. સમજી ?''

આમ જાત ઉપર આવતી ચિંતા દૂર કરવાની ઉતાવળમાં મંથરાએ કૈકેયીને એવી બહેકાવી કે એક જ રાતમાં ઊલટ સૂલટ થઈ ગયું. જે શ્રીરામનો રાજ્યાભિષેક થવાનો હતો તેમને વનમાં જવું પડ્યું. રાજા દશરથ પુત્ર વિરહમાં મૃત્યુ પામ્યાં. આખું અયોધ્યા શોક મગ્ન થઈ ગયું.

**શ્રીરામના રાજ્યાભિષેકના એક દિવસ પહેલાં મંથરાને અતિ હર્ષનાદ સંભળાયો. તે છત પર ગઈ. અયોધ્યાની સડકો પર સુગંધિત ચંદન જળનો છંટકાવ થઈ રહ્યો હતો. ફૂલોની પાંદડીઓ સડકો પર મહેંકી રહી હતી. ધજાઓ ફરકી રહી હતી. ઘર લીંપાઈ ગયાં હતાં. રંગોળી પૂરાઈ રહી હતી**

એ વાત નક્કી છે કે ચિંતાતુર માણસ ઉતાવળમાં જ હોય છે. સમયસર વહેલા ઊઠવાનું હોય, ટ્રેન પકડવાની હોય, માલ-ડિલિવરી કરવાનો હોય, હપ્તો ભરવાનો હોય, ચિંતા થાય જ શરીરનો દુખાવો દૂર કરવા ગોળી નહિ તરત ઈન્જેક્શન લેવાય છે. દર્દીને તરત સાજા થઈ જવું છે. માણસને તરત પહોંચી જવું છે. સાચી વાત એ છે કે જિંદગી એક લાંબી યાત્રા છે. એમાં ખાડા, ટેકરા, કાંકરા, કાદવ-કિચ્ચડ - આ બધું આવવાનું. એમાં નાની નાની ચિંતાથી આપણે ઉશ્કેરાઈ જઈ ઉતાવળ કરીએ તો સરવાળે નુકસાન થાય.

વિજાપુરના શાસક આદિલ શાહે જ્યારે જોયું કે શિવાજી પોતાનું સામ્રાજ્ય વધારતા જાય છે ત્યારે તેમણે અનેક વીર લડવૈયાઓને શિવાજીને ખતમ કરાવવા મોકલ્યા. પરંતુ તેઓ સફળ ના થયા. છેવટે આદિલ શાહે અફઝલ ખાંને મોકલ્યો. અફઝલખાંએ વિશાળ સેના લઈ કૂચ આદરી ખાનાખરાબી કરી. શિવાજીએ ધીરજ ના ખોઈ. તેની સામે જવાની ઉતાવળ ના કરી. શિવાજીએ એવું વાતાવરણ ઊભું કર્યું કે અફઝલખાં પોતે જ પહાડ પર આવેલા પ્રતાપગઢના કિલ્લા સુધી આવી ગયો. તેને આદિલ શાહના હુકમ મુજબ શિવાજીને ખતમ કરવાની ચિંતા હતી. ઉતાવળ હતી. પ્રતાપગઢના કિલ્લા પાસે શિવાજીએ અફઝલખાંને ઘેર્યો અને યમલોક પહોંચાડી દીધો. શિવાજીએ ધીરજ ગુમાવી સામે ચઢીને આક્રમણ કર્યું હોત તો સફળ ના થાત.

કોઈપણ ચિંતા વખતે અતિ ભાવુક ના બનવું. મન સ્થિર રાખવું, શાંતિથી ઉકેલ શોધવો. ત્યાર પછી નિર્ણય લેવો. જો સમયસર કામ ના થાય તો ચિંતા અને તણાવ પેદા થાય છે. નાની ચિંતાનું મોટું સ્વરૂપ ધારી લેવાથી, તેને તરત દૂર કરવાની ઉતાવળથી મૂળ ધ્યેયથી વિચલિત થઈ જવાય છે. પ્રગતિ અટકી જાય છે. ભગવદ્ ગીતામાં કૃષ્ણ કહે છે, (યુદ્ધસ્વ વિગત જ્વર) ચિંતા છોડીને, કર્મ કરવું.

બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાન નારાજ થઈ ગયું હતું. પણ તેમણે યુદ્ધનો માર્ગ છોડી પ્રગતિનો રસ્તો પસંદ કર્યો. પ્રજાના ગરમ લોહીમાંથી એવી તાકાત બહાર આવી કે એશિયામાં શ્રેષ્ઠ અને વિશ્વમાં બીજા સ્થાને આવી ગયું. જાપાનની ચિંતા અધોગતિની નહિ પ્રગતિની હતી. સહેજ પણ ઉતાવળ કર્યા વગર તે ફરી બેઠું થયું હતું.

જ્યારે ઈશ્વર આપણી ચિંતાને દૂર કરે ત્યારે આપણે તેની અપાર ક્ષમતામાં શ્રદ્ધા રાખીએ છીએ. પણ જ્યારે ઈશ્વર આપણી ચિંતાનો ઉકેલ નથી લાવતા, ત્યારે.. એનો અર્થ એવો નથી કે તે આપણી પડખે નથી. ઈશ્વર આપણી શ્રદ્ધા અને વિશ્વાસને ચકાસતા રહે છે. જ્યારે ચિંતા પર કાબૂ મેળવાય ત્યારે જ પ્રતિભા ખીલે છે.

**- સુરેન્દ્ર શાહ**

# અનુભવવૃદ્ધ-જ્ઞાનવૃદ્ધ વડિલોના સંપર્કથી યુવાન વયે ય ધૈર્ય-સ્થિતિપ્રજ્ઞતા જેવા ગુણોની સમૃદ્ધિ સાંપડે

પૂર્વાચાર્ય મહર્ષિએ 'ધર્મરત્નપ્રકરણ' ગ્રન્થમાં શુદ્ધ ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપે જે એકવીશ ગુણો દર્શાવ્યા છે તેની ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું સોળમો ગુણ. એનું નામ છે વૃદ્ધોનો-વડિલોનો સંસર્ગ.

આજનું કહેવાતું 'ફાસ્ટ જનરેશન' ભલે ઉપકારશૂન્ય બનીને વડિલોને વૃદ્ધાશ્રમમાં કે ઘરના એકાંત ખૂણે ઉપેક્ષિત અવસ્થામાં સીમિત કરી દે. પરંતુ શાસ્ત્રો અને સંસ્કૃત સાહિત્ય વૃદ્ધજનસંસર્ગના અનેક લાભો દર્શાવે છે. જો એ વૃદ્ધ વડિલો માતા-પિતાદિ ઉપકારી વ્યક્તિરૂપે હોય તો એ ભક્તિપાત્ર-સંસર્ગપાત્ર છે જ. પરંતુ જે આવા ઉપકારી વ્યક્તિત્વરૂપે નથી તેવા વૃદ્ધો પણ આદરણીય છે. એમનો સંસર્ગ જીવનને કેટલા ય સરસ પાઠ શીખવી શકે છે.

ગ્રન્થકાર વૃદ્ધ વ્યક્તિની વિશિષ્ટતારૂપે બે બાબત જણાવે છે. એમાંની પ્રથમ બાબત છે પરિણત બુદ્ધિ. જીવનના અનેક ધૂપ-છાંવ નિહાળીને અનેક આરોહ-અવરોહમાંથી પસાર થઇને એમની બુદ્ધિ પરિણત થઈ ગઈ હોય છે, ઘડાઇ ગઈ હોય છે. એથી જીવનની સમસ્યાઓમાં એ ઉતાવળથી નહિ, ઠરેલ બુદ્ધિથી નિર્ણય લેશે. નાસીપાસ નહીં થાય, બલ્કે ઉકેલ લાવશે. અલબત્ત, તમામ વૃદ્ધજનોમાં આ વિશેષતા હોય જ એમ માની લેવાની જરૂર નથી. કેટલાક વૃદ્ધ હોવા છતાં અપરિણતબુદ્ધિ હોય અને કેટલાક યુવાન હોવા છતાં ય પરિણતબુદ્ધિ હોય એવું ય બને. માટે જ આગળ વૃદ્ધની અલગ વ્યાખ્યા પણ આવશે. આમ છતાં બહુલતાએ એમ માની શકાય કે વૃદ્ધોમાં પરિણત બુદ્ધિ નિહાળવા મળે.

ગ્રન્થકારનાં આ વિધાનને સમર્થન આપે તેવી એક કહેવત ગુજરાતી ભાષામાં મળે છે કે 'ઘરડાં ગાડા વાળે.' મતલબ કે ગાડું અવળી દિશાએ દોડવા માંડે-વાત ખોટી દિશામાં ઝડપથી વધી ગઈ હોય ત્યારે યુવાનીનો જુસ્સો એને પરત વાળી ન શકે. વૃદ્ધોનું શાણપણ-અનુભવી દૃષ્ટિ જ એને સહી દિશામાં લાવી શકે. પરિણતબુદ્ધિની આ કમાલ નિહાળવી છે ? તો વાંચો આ મસ્ત કથા:

નગરના નવા સત્તાધીશ બનેલ યુવાન રાજવીને વૃદ્ધો પ્રત્યે અણગમો હતો. આથી એણે રાજસભામાંથી સલાહકાર મંડળમાંથી તમામ વૃદ્ધોને રૂખસદ આપી દીધી હતી. બધે જ યુવાન તરવરિયા ચહેરા. પણ અનુભવના નામે એ સાવ શૂન્ય. યુવાન રાજવીના શાસનકાળની શરૂઆતમાં જ, બાજુના વિશાલ અને શક્તિસંપન્ન દુશ્મન રાજાને વારસાની ગાદી મેળવનાર આ નવા રાજાનું પાણી માપવાનું મન થયું. એણે જાણી-બુઝીને એક વિલક્ષણ સંદેશ પોતાના પ્રતિનિધિમંડળ દ્વારા નવા રાજાને પાઠવ્યો કે 'તમારા નગરની મધ્યમાં એક ઊંડો મીઠા જલનો કૂવો છે. અમારાં રાજ્યમાં મીઠા જલની અછત છે. માટે આ સંદેશ મળતા એ કૂવો તમારે અમારાં રાજ્યમાં મોકલી આપવો. તો આપણી વચ્ચે દોસ્તી જામશે, અન્યથા દુશ્મની.'

યુવાન રાજા અને એના નવલોહિયા રાજદરબારીઓ મુંઝાઇ ગયો કે 'કૂવો તે

**અમૃતની અંજલિ**

**આચાર્ય વિજયરાજરત્નસૂરિ**

કાંઈ મોકલી શકાતો હશે ? જરૂર આ રાજા આવી વાહિયાત વાત દ્વારા આપણું પાણી માપવા ચાહતો હશે. જો એને ના કહીશું તો યુદ્ધની નોબત બજશે કે જેમાં હાર નિશ્ચિત છે. હા કહીએ તો કૂવાનું સ્થળાંતર શક્ય નથી.' ખૂબ વિમર્શ છતાં તેઓ આ સમસ્યાનો ઉકેલ શોધી શક્યા નહિ. મૂઢ બની ગયેલ રાજાએ યુવાન મન્ત્રીને આનો ઉકેલ કાલે લાવવાની જવાબદારી આપી. એ ય મુંઝાતો હતો કે આનો ઉકેલ શક્ય જ ક્યાં છે ? ચિંતાતુર વદને એ ઘરે આવ્યો.

મન્ત્રીના વૃદ્ધ પિતાએ પુત્રની ચહેરાની લિપિ જાણે યથાવત્ વાંચી લીધી હોય એમ મન્ત્રીને પૂછ્યું : 'તારા દિલ-દિમાગ પર બહુ મોટી ચિંતાનો બોજ હોય એમ લાગે છે. આજે રાજસભામાં કોઈ ચિંતાજનક ઘટના બની છે કે શું ?' પુત્રે સમગ્ર બયાન રજૂ કરીને કહ્યું : 'કૂવો એ રાજાને ત્યાં મોકલવો શક્ય જ નથી અને ના કહેવામાં યુદ્ધનું જોખમ છે. હું આમાં કરી શું શકું ?' અનુભવી અને પરિણતબુદ્ધિના સ્વામી વૃદ્ધ પિતા જાણે કે આ કોઈ સમસ્યા જ ન હોય એમ બે ક્ષણ ખડખડાટ હાસ્ય વેરી રહ્યા. પછી એમણે આ સમસ્યાનું તુર્ત નિરાકરણ કરતા હોય એમ પુત્રનાં કાનમાં રાજસભામાં આપવાનો ઉત્તર કહ્યો. મન્ત્રી આફ્રીન થઈ ગયો પિતાની બુદ્ધિ પર કે આવો ઉત્તર મને કેમ ન સૂઝ્યો?

બીજે દિવસે હકડેઠઠ ભરાયેલ રાજસભાની નજર યુવાન મન્ત્રી પર હતી કે એ ઉપાય શોધી શક્યા છે યા નહિ. યથાસમયે મન્ત્રીએ મસ્ત ઉપાય દર્શાવતા શત્રુરાજાના પ્રતિનિધિમંડળને કહ્યું :'અમે દોસ્તીની તક ઝડપી મીઠો કૂવો તમારા નગરમાં મોકલવા તૈયાર જ છીએ. પણ આ અમારો કૂવો ખૂબ શરમાળ હોવાથી અજાણી ભૂમિ પર જવાને રહેવા તૈયાર નથી. આના ઉકેલ માટે તમારા નગરનો એક કૂવો પહેલા અહીં મોકલો. અમારા કૂવા સાથે એની દોસ્તી જામવા દો. પછી અમે એ બન્ને કૂવાને વાજતે-ગાજતે તમારે ત્યાં મોકલીશું.'

પૂરી રાજસભા ઝૂમી ઉઠી આ 'ટાઢે પાણીએ ખસ કાઢવી' જેવા ઉપાયથી...

ગ્રન્થકાર વૃદ્ધ વ્યક્તિની બીજી વિશિષ્ટતા એ જણાવે છે કે તે પાપાચારથી નિવૃત્ત હોય.

સામાન્યત : એવું નિહાળવા મળે છે કે વ્યક્તિ યુવાવસ્થામાં જેટલી આસક્તિથી અબ્રહ્મસેવન-વિષયસેવન આદિમાં જોડાય એવી આસક્તિભરી વિષયપ્રવૃત્તિ વૃદ્ધાવસ્થામાં ન હોય. યુવાવસ્થામાં વ્યક્તિ જેટલી તીવ્ર ધનલાલસાથી અઢારે ય પાપસ્થાનકોનાં સેવનપૂર્વક વ્યવસાયાદિ કરે તેવી તીવ્ર ધનલાલસા કે તીવ્ર પાપાચરણો સાથેનાં વ્યવસાયાદિ વૃદ્ધાવસ્થામાં ન કરે. વૃદ્ધાવસ્થામાં પ્રાય : વ્યક્તિના વિચારો એવા હોય કે 'જતી જિંદગીએ નવાં નવાં પાપોનાં પોટલાં નથી બાંધવાં. શક્ય હોય તેટલી ધર્મારાધના દ્વારા પરલોકનું ભાતું બાંધવું છે.' આથી ગ્રન્થકારે બીજી વિશિષ્ટતામાં લખ્યું કે તે પાપાચારથી નિવૃત્ત હોય.

અલબત્ત અમે જ નહિ ગ્રન્થના ટીકાકાર મહર્ષિ પણ એવું માને છે કે બધાં વૃદ્ધો કાંઈ આવા શુભભાવયુક્ત અને પાપાચારથી નિવૃત્ત હોય એવું નથી હોતું. એથી ટીકાના અનેક પૈકી એક શ્લોકમાં વૃદ્ધત્વની નવી વ્યાખ્યાની સરસ પ્રસ્તુતિ એવી કરે છે કે :



**' સામાન્યત : એવું નિહાળવા મળે છે કે વ્યક્તિ યુવાવસ્થામાં જેટલી આસક્તિથી અબ્રહ્મસેવન-વિષયસેવન આદિમાં જોડાય એવી આસક્તિભરી વિષયપ્રવૃત્તિ વૃદ્ધાવસ્થામાં ન હોય. યુવાવસ્થામાં વ્યક્તિ જેટલી તીવ્ર ધનલાલસાથી અઢારે ય પાપસ્થાનકોનાં સેવનપૂર્વક વ્યવસાયાદિ કરે તેવી તીવ્ર ધનલાલસા કે તીવ્ર પાપાચરણો સાથેનાં વ્યવસાયાદિ વૃદ્ધાવસ્થામાં ન કરે. વૃદ્ધાવસ્થામાં પ્રાય : વ્યક્તિના વિચારો એવા હોય કે 'જતી જિંદગીએ નવાં નવાં પાપોનાં પોટલાં નથી બાંધવા. શક્ય હોય તેટલી ધર્મારાધના દ્વારા પરલોકનું ભાતું બાંધવું છે.'**

તપ : શ્રુતધૃતિધ્યાન-વિવેક્યમસંયમૈ,
યે વૃદ્ધાસ્તેડત્ર શસ્યન્તે,
ન પુન: પલિતાંકુરે :

ભાવાર્થ કે જેઓ તપ-શ્રુત-ધૈર્ય-ધ્યાન-વિવેક-વ્રત - સંયમથી વૃદ્ધિ પામ્યા હોય તેને અહીં વૃદ્ધ સમજવા. મસ્તકે શ્વેત વાળ આવી ગયા હોય એટલામાત્રથી વ્યક્તિને વૃદ્ધ ન સમજવી! આ શ્લોક ટીકામાં વાંચતા અમને એક એવી વ્યક્તિ યાદ આવી ગઈ કે જે સફેદ વાળની દૃષ્ટિએ-સમાજદૃષ્ટિએ વૃદ્ધ હતી, પરંતુ શાસ્ત્રની ઉપરોક્ત દૃષ્ટિએ વૃદ્ધ ન હતી. એ ભાઈની ઘટના આવી હતી:

ઇ.સ.૨૦૧૭. મુંબઈ-ઘાટકોપર (પૂર્વ)ના સંઘમાં અમારી નિશ્રામાં સામૂહિક માસક્ષમણો એકસો પંદર થયા હતા. એમાંના બે પુણ્યાત્માના અતિશય આગ્રહથી પર્યુષણાપર્વ બાદ એમનાં ઘરે પગલાં માંડવા જવાનું બન્યું. ત્યાં એમની નીચેના મજલાના એક બેન આવીને ભાવુકતાથી કહેવા માંડ્યા : 'સાહેબજી! મારા પતિ ભયાનક માંદગીગ્રસ્ત છે. એમને રૂમમાંથી બહાર આવવાની ડોક્ટર્સની મનાઈ છે. મારું ઘર નીચે જ છે. આપે પગલાં કરવા જ પડશે.' અમે એમની ભાવના સ્વીકારી એ ઘરે ગયા. માનસિક કલ્પના એવી હતી કે એ ભાઈ સાવ પથારીગ્રસ્ત હશે, મનમાં નવકારમન્ત્ર ગણતા હશે. પરંતુ રૂમનું દૃશ્ય જોઈ અમે ચકિત થઈ ગયા. ભાઈ હાથમાં 'રીમોટ' રાખી પલંગમાં બેઠા હતા અને ટી.વી. પર બિભત્સ ફિલ્મ જોઈ રહ્યા હતા!

અમે માંગલિક-વાસક્ષેપ કરી બહાર આવ્યા બાદ બેન સામે પ્રશ્નાર્થ નજરે જોયું કે આવું કેમ ? બેન ખિન્નતાથી બોલ્યા : 'એમનો જીવ જ એવો છે કે પ્રભુભક્તિગીતો-નવકારસ્મરણ કે સારાં પુસ્તકોનું વાંચન પણ એમને ગમતું નથી. રાત-દિવસ અશ્લીલ ફિલ્મો જ જોયા કરે છે. કોઈનું સાંભળવા ય એ તૈયાર નથી.'

ગ્રન્થકારની વાત આવા વૃદ્ધજનોને લાગુ ન પડે એ સમજી શકાય તેમ છે. ટીકાકાર ભગવંતે વૃદ્ધત્વની વ્યાખ્યાના જે અવનવા શ્લોકો આપ્યા છે એમાંનો એક ઓર શ્લોક ટાંકવા જેવો છે કે :-

**હેયોપાદેયવિકલો,**
**વૃદ્ધોડપિ તરુણાગ્રણી :**
**તરુણોડપિ યુતસ્તેન,**
**વૃદ્ધૈર્વૃદ્ધ ઇતીરિત :**

જેને શું કરાય- શું ન કરાય શું, ત્યાજ્ય- શું ગ્રાહ્ય આવો વિવેક નથી, એ વયમાં વૃદ્ધ હોય તો ય સમજદૃષ્ટિએ સાવ નાનો તરુણ છે અને જેનામાં ઉપરોક્ત વિવેક છે તે વયમાં તરુણ હોય તો ય સમજદૃષ્ટિએ પીઢ છે- વૃદ્ધ છે. જે વ્યક્તિ શાણપણ-ધૈર્ય-વિવેક-સ્થિતપ્રજ્ઞતા- ધર્મ આદિથી વિભૂષિત છે તેવી વૃદ્ધ વ્યક્તિનો સંસર્ગ-સંપર્ક જીવનમાં શાણપણ-ધૈર્ય વગેરે ગુણોની ઉપલબ્ધિ કરાવે. એક સંસ્કૃત સુભાષિત એમ કહે છે કે ' જે વ્યક્તિ અભિવાદનશીલ છે અને નિત્ય વૃદ્ધોના સંસર્ગમાં છે તેમનામાં આયુષ્ય-વિદ્યા-યશ અને બલની વૃદ્ધિ થાય છે.'

છેલ્લે એક વાત : વૃદ્ધોના સંસર્ગના આ ગુણનાં કારણરૂપે ગ્રન્થકારે સરસ વિધાન કર્યું છે કે જેવો સંસર્ગ હોય તેવા ગુણો આવે. આપણે એ માટે યાદ રાખીએ આ વાક્ય કે 'હાથમાં અત્તર હોય તો હાથ સુવાસિત થાય. જીવનમાં સારી વ્યક્તિઓ હોય તો જીવન સુવાસિત થાય.'

# છોડવા જેવી વિગઇ, કરવા જેવું આયંબિલ

'ગુરુદેવ ! શાંતિથી મરું એવા આશીર્વાદ આપો..' બોલનાર હતા મૂળ કચ્છના અને તે સમયે મલાડ-મુંબઈમાં રહેતા યુવાન કરસનભાઈ. સાંભળનાર હતા ચેમ્બુરતીર્થ-મુંબઈમાં બિરાજમાન અમારા યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવ આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ. કરસનભાઈના શબ્દો સાંભળીને તેમને આંચકો લાગ્યો : 'કોઈ વ્યક્તિ આમ મરવાના આશિષ માંગે ? જીવવાના-સુખી થવાના આશિષ માંગે. પણ આમ મરવાના ?' તેમણે પ્રેમથી પૂછ્યું 'કેમ ભાઈ ! આમ બોલો છો ? આશિષ તો જીવવાના મંગાય અને તમે...'

'ગુરુદેવ ! રક્તપિત્તનો ભયંકર રોગ થયો છે. ડોક્ટરોએ હાથ ધોઈ નાંખ્યા છે. બે-પાંચ દિવસનો મહેમાન છું. એથી મરવાના આશિષ માંગ્યા વિના છૂટકો નથી.' કરસનભાઈ બોલ્યા. આજથી ૬૩ વર્ષ પૂર્વેનો આ વાર્તાલાપ. યુગદિવાકર ગુરુદેવે તુરત આર્દ્ર સ્વરે કહ્યું : 'ભલા ! ડોક્ટરે ભલે હાથ ધોયા, પણ ચેમ્બુરના આદિનાથ પ્રભુએ હાથ નથી ધોયા. જો મરવાની આટલી જ તૈયારી છે તો મારી

**પ્રેરણાની પરબ**

**આચાર્ય વિજય અક્ષયરત્નસૂરિ**

વાત માનીને છેલ્લી એક આરાધના આ પ્રભુની નિશ્રામાં કરી લો.' અને પરિવાર સાથે હાથ જોડીને બેઠેલા કરસનભાઈને ગુરુવચનોમાં શ્રદ્ધા બેઠી. શરીરમાંથી રક્તપિત્તનાં કારણે લોહી-પરુની ધારા વહેતી હતી. છતાં ય તેમણે યુગદિવાકર ધર્મસૂરિજી મ.ના માર્ગદર્શન પ્રમાણે આદિનાથપ્રભુની નિશ્રામાં ચેમ્બુરમાં વર્ધમાનતપનો પાયો નાંખ્યો. જિનાલયની




બહાર બેસીને જાપ પ્રારંભ્યા. એક પછી એક આયંબિલ વીતતા ગયા અને કમાલ !! બે પાંચ દિવસના મહેમાન ગણાતા કરસનભાઈની પંદર આયંબિલ-પાંચ ઉપવાસ સહિતની વીશ દિવસની આરાધના હેમ-ખેમ પૂર્ણ થઈ. કરસનભાઈ જીવી ગયા. એ પછી ડોક્ટરી તપાસ કરાવાઈ. ડોક્ટરોએ આશ્ચર્ય સાથે કરસનભાઈનો રિપોર્ટ જોયો અને જાહેર કર્યું કે ચમત્કારિક ઇશ્વરીય કૃપાથી કરસનભાઈનો રોગ આ વીશ દિવસમાં એંશી ટકા જેટલો નાશ પામ્યો છે. જાણે શ્રીપાલરાજાની ઘટનાનું પુનરાવર્તન થયું. એ પછી કરસનભાઈએ નક્કી કર્યું કે જેના પ્રભાવે રોગ નાશ પામ્યો એ આયંબિલતપ કાયમ જારી રાખવો અને મહાન ઉપકારી આદિનાથ પ્રભુ તેમજ શ્રી ધર્મસૂરિજી મ.ના ૧૦૮ વાર નામસ્મરણપૂર્વક જ દરેક ઓળીને પ્રારંભ કરવો. દોઢ વર્ષ પૂર્વે અમને કચ્છની યાત્રા દરમિયાન આધોઈમાં કરસનભાઈનો ભેટો થયો હતો. ત્રેસઠ વર્ષ પૂર્વેના એ દિવસે બે-પાંચ દિવસના જ મહેમાન મનાતા કરસનભાઈની ઉંમર ત્યારે (એટલે કે ઇ.સ.૨૦૨૫માં ) હતી પૂરા ૮૫ વર્ષ. આ દરમિયાન તેમણે ઉપવાસથી વર્ષીતપ-બે ઉપવાસથી વર્ષીતપ-ત્રણ ઉપવાસથી વર્ષીતપ-સિદ્ધિતપ-શ્રેણિતપ- મહાભદ્રતપ- 3 માસક્ષમણ અને પંચોતેર વર્ધમાનતપઓળી સહિત અનેક મહાન તપસાધના કરી હતી. આ છે જૈન આયંબિલતપનો મહાન ચમત્કાર.

આસો સુદિ-બીજી સાતમ, તા.૧૮ ઓક્ટોબરથી નવપદની શાશ્વતીઓળીના મહાપર્વસ્વરૂપે આવા ચમત્કારિક આયંબિલ તપની સાધના નવ દિવસ પર્યંત જૈનોમાં લાખોની સંખ્યામાં થઈ રહી છે અને ક્યાંક ક્યાંક જૈનેત્તરો પણ આ તપનું આલંબન લઈ રહ્યા છે ત્યારે આવો, આપણે પણ આ પ્રભાવક તપને આચરણમાં લાવીએ અને તન/મન/જીવન તેમજ આત્માને વિશિષ્ટ ઉર્જા સંપન્ન બનાવવા સાથે યાદ રાખીએ આ સ્લોગન કે છોડવા જેવી વિગઇ, કરવા જેવું આયંબિલ અને મેળવવા જેવું અનાહારી પદ (=મોક્ષ)

# સુખી થવાનો રાજમાર્ગ- આત્મચિંતન

દુનિયાની સૌથી મોટી તિજોરી ભરાઈ જાય તો પણ માણસની ઇચ્છાઓની તરસ ક્યારેય છીપાતી નથી. આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં જરૂરિયાતો ઓછી અને દેખાડો વધારે છે. હાથમાં નવો ફોન આવે એટલે બીજા જ મહિને તેનાથી મોંઘા મોડેલની લાલચ જાગે છે, નાનું ઘર મોટું થાય એટલે બંગલાના સપનાં ઊંઘ હરામ કરી દે છે. સુખ-સુવિધાના અઢળક સાધનો વચ્ચે પણ માણસનો ચહેરો તણાવગ્રસ્ત કેમ રહે છે? જવાબ સ્પષ્ટ છે કે, આપણે 'સગવડ' ખરીદી શક્યા,



પણ અંતરનો 'સંતોષ' ખોઈ બેઠા છીએ.

શાસ્ત્રો અને અનુભવી સંતો હંમેશાં કહેતા આવ્યા છે કે, દુનિયામાં સંતોષથી મોટો કોઈ વૈભવ નથી. અસંતોષ એ ખારા પાણી જેવો છે. માણસ જેટલું પીવે તેટલી તેની તરસ વધી જાય છે. જ્યારે મનમાં સંતોષનો ભાવ જાગે છે, ત્યારે કરોડોની સંપત્તિ પણ ધૂળ સમાન લાગે છે અને સૂકો રોટલો પણ અમૃત જેવો મીઠો લાગે છે.

ઇતિહાસનો એક સુપ્રસિદ્ધ પ્રસંગ છે. અડધી દુનિયા જીતીને નીકળેલો વિશ્વવિજેતા સિકંદર જ્યારે ગ્રીસના જાણીતા સંત ડાયોજિનીસને મળવા ગયા, ત્યારે ડાયોજિનીસ નદી કિનારે રેતી પર આરામથી સૂર્યસ્નાન કરી રહ્યા હતા. સિકંદરે પોતાના રાજવી રુઆબ સાથે કહ્યું, હું સમ્રાટ સિકંદર છું. તમારી ખુમારી જોઈને હું ખૂબ પ્રસન્ન થયો છું. બોલો, તમારે શું જોઈએ છે? હું તમને આખી દુનિયાની સંપત્તિ આપી શકું છું.

ડાયોજિનીસે સહજતાથી આંખો ખોલી અને કહ્યું, જો તું ખરેખર મારું સારું ઇચ્છતો હોય, તો કૃપા કરીને થોડો બાજુ પર ખસી જા. તારા ઊભા રહેવાથી મારા શરીર પર આવતો સવારનો મીઠો તડકો રોકાઈ રહ્યો છે. મારે તારા સામ્રાજ્યમાંથી બીજું કશું જ નથી જોઈતું.

આ સાંભળીને સિકંદર સ્તબ્ધ થઈ ગયો. આખી પૃથ્વી જીતવા નીકળેલો સમ્રાટ એક લંગોટધારી ફકીર સામે સાવ નાનો અને કંગાળ સાબિત થયો. જેની પાસે આંતરિક સંતોષ છે, તેને સમ્રાટોના સામ્રાજ્ય પણ આકર્ષી શકતા નથી.

આપણા પુરાણોમાં સુદામાનું ચરિત્ર સંતોષનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ઘરમાં અન્નનો દાણો નહોતો, ફાટેલાં વસ્ત્રો હતાં, છતાં સુદામાના મુખ પર ક્યારેય કોઈ ફરિયાદ નહોતી. પત્નીના આગ્રહથી જ્યારે તેઓ દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ ભગવાનને મળવા ગયા, ત્યારે ભેટ આપવા માટે તેમની પાસે માત્ર ત્રણ મુઠ્ઠી પૌંઆ (તાંદુલ) હતા.

સુદામાએ દ્વારિકાના વૈભવ વચ્ચે પણ પોતાના મિત્ર કૃષ્ણ પાસે ક્યારેય ધન, સોનું કે મહેલની માંગણી ન કરી. તેઓ જે હાલતમાં હતા તેમાં ઈશ્વરનો આભાર માનતા રહ્યા. આ નિઃસ્વાર્થ સંતોષ જોઈને ભગવાન શ્રીકૃષ્ણ એટલા પ્રસન્ન થયા કે માંગ્યા વિના જ સુદામાને ત્રણેય લોકનો વૈભવ અર્પણ કરી દીધો. સંતોષી માણસ ક્યારેય કોઈની સામે હાથ લંબાવતો નથી, અને પરમાત્મા તેને ક્યારેય કોઈ વાતની ખોટ પડવા દેતા નથી.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામ આ દેશના સર્વોચ્ચ પદ પર રહ્યા, છતાં તેમની જીવનશૈલી ફકીર જેવી નિર્મળ રહી. રાષ્ટ્રપતિ ભવનમાં પાંચ વર્ષ વિતાવ્યા પછી જ્યારે તેઓ વિદાય લઈ રહ્યા હતા, ત્યારે તેમની પાસે માત્ર બે સુટકેસ, થોડાં પુસ્તકો અને એક વીણા હતી.

તેમણે ક્યારેય સરકારી સગવડોનો દુરુપયોગ પોતાના પરિવાર માટે ન કર્યો. તેઓ હંમેશાં કહેતા કે સાચી શાંતિ બહારની ચમકદમકમાં નહીં પણ પવિત્ર મન અને સંતોષી હૃદયમાં રહેલી છે. કલામ સાહેબે સાબિત કર્યું કે પદ કે પ્રતિષ્ઠા નહીં, પણ માણસનો આંતરિક સંતોષ જ તેને યુગો સુધી અમર બનાવે છે.

હા, આજે પૈસાની જરૂર છે. પરંતુ તેની પ્રધાનતા થઈ જાય તો દુઃખી કરશે. સોશિયલ મીડિયા પર બીજાના વૈભવને જોઈને પોતાના જીવનની તુલના ન કરો. દરેક વ્યક્તિની યાત્રા અલગ છે. કોઈ પણ નવી વસ્તુ ખરીદતા પહેલાં જાતને પૂછો કે, આ મારા જીવન માટે જરૂરી છે કે માત્ર બીજાને બતાવવા માટે છે?

જીવનમાં અઢળક સંપત્તિ હોય પણ જો મનમાં શાંતિ ન હોય તો બધું નકામું છે. સંતોષ એ કોઈ લાચારી નથી, પણ પૂર્ણતાનો અહેસાસ છે. જે વ્યક્તિ પોતાની પાસે જે છે તેમાં આનંદ માનતા શીખી જાય છે, તેને આખી દુનિયાનું કોઈ દુઃખ ડગાવી શકતું નથી.

# હતાશાને છોડો, સદાય હસતાં રહો, સંઘર્ષ કરતા રહો, સફળતા મેળવતા રહો

આ દુનિયામાં ઘણા બધા માણસો પોતાની જિંદગીથી કંટાળી ગયા હોય છે. કારણ કે આખો દિવસ દોડધામ કરવાં છતાં નિષ્ફળતાં જ મળતી હોય છે. ગમે તેટલી મહેનત કરો, હતાશા જ સાંપડતી હોય છે. સુખના બે દિવસ જોવા મળતાં નથી. તેથી ઘણા માણસો આત્મહત્યા કરી નાંખતા હોય છે, કાં તો ઘણા માણસો હતાશ થઈને પછી નવા કોઈ પ્રયત્નો કરવાનું માંડી વાળે છે. જિંદગીને પછી ઢસડી ઢસડીને પૂરી કરે છે.



આ જિંદગી સંઘર્ષથી ભરેલી છે. તે વાસ્તવિક છે. પરંતુ મહેનત કરનાર અને ભગવાન ઉપર શ્રદ્ધા-વિશ્વાસ રાખનારને સફળતા અવશ્ય મળે જ છે.

યાદ રાખજો કે... તમારી જિંદગી ગમે તેટલી ખરાબ કેમ ના હોય... પણ સવારે ઉઠીને ભગવાનને ધન્યવાદ કહેજો કે તમારી પાસે જિંદગી તો છે... ઘણાં પાસે એ પણ નથી...

ઘણા લોકો હોસ્પિટલમાં મૃત્યુની રાહ જોઈને પડ્યા હોય છે... તમારે એવું તો નથી.

''જિંદગીમાં કદાચ બધું જ છોડવું પડે... તો છોડજો પણ'' ''ક્યારેય પણ હસવાનું છોડશો નહિ અને ક્યારેય ફરીથી ઊભા થઈને લડવાની આશા છોડશો નહિ.''

આપણે આપણી વિચાર શક્તિ અને કાર્યશક્તિનો કેવો ઉપયોગ કરીએ છીએ? એના પર આપણી પ્રતિભા નિર્ભર છે. આપણામાં અંદર એક અદ્ભૂત શક્તિ રહેલી છે. તેનો સદ્ઉપયોગ કેવી રીતે કરવો ? એ આપણા હાથમાં છે. આપણે નિર્ણય કરવાનો કે, આપણે કોલસો બનવું છે કે હીરો બનવું છે.

એક યુવાન ભણી-ગણીને નોકરી શોધવા લાગ્યો. તે ખૂબ જ સારું ભણ્યો હોવા છતાં તેને નોકરી મળતી ન હતી. એક દિવસ કંટાળીને તે આપઘાત કરવા પહાડ પર ચઢી ગયો. તે નીચે કૂદવા જતો હતો ત્યાં તેને એક સજ્જને બચાવ્યો. તે સજ્જને તેને તેમની પાસે બેસાડ્યો. તેને શાંત પાડ્યો અને પછી આપઘાત કરવાનું કારણ પૂછ્યું. પેલા યુવાને પોતાની આપવીતી જણાવી. પેલા સજ્જને તેને જણાવ્યું, 'નોકરી ન મળતી હોય તો નાનો-મોટો ધંધો કર.' ધંધો કરવા માટે મૂડી તો જોઈને ને...?! પેલા યુવાને જવાબ આપ્યો. એક કામ કર... તું તારી આંખો મને આપી દે હું તને પાંચ લાખ રૂપિયા આપીશ. સજ્જને રસ્તો કાઢતાં કહ્યું. યુવાન છંછેડાઈ ગયો.

તે રૂપિયાના બદલામાં પોતાના શરીરનું એકેય અંગ આપવા તૈયાર ન હતો. સજ્જને હસીને યુવાનને કહ્યું, 'ભલા માણસ તારી અમૂલ્ય આંખો, હાથ, પગ, કિડની મગજ વગેરે હોવા છતાં તું કહે છે કે તારી પાસે મૂડી નથી? આ જ તો સહુથી મોટી મૂડી છે. આ મૂડીનો ઉપયોગ કરીને તું કોઈ પણ કામ શરૂ કરીશ તો તું ધારે તે કરી શકીશ. પેલા યુવાનની આંખો ખૂલી ગઈ. તેને સજ્જની વાત સમજાઈ ગઈ. તેને સાચો રસ્તો દેખાડવા બદલ સજ્જનનો આભાર માનીને તે યુવાન ચાલ્યો ગયો.'

જિંદગી જીવવાના બે જ રસ્તા છે કાં તો જે પસંદ છે તેને હાંસિલ કરી લો, અથવા તો જે તમારી પાસે જે છે એને પસંદ કરતાં શીખી જાઓ. પરંતુ આપણે આ બંનેમાંથી એકપણ પસંદ કરતાં નથી અને દરરોજ બસ, હતાશા ભરેલી જિંદગી જીવીએ છીએ એટલે કે, મરવાના વાંકે જીવી રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ વચનામૃત ગ્રંથમાં કહે છે કે, કોઈ દિવસ હિંમત રહિત વાત કરવી નહિ, હિંમત સહિત જ વાત કરવી. જે હિંમત રાખીને પુરુષાર્થ કરે છે, તેની ઉપર ભગવાની કૃપા પણ થાય છે અને જીવનમાં સફળ પણ થાય છે. આપણે આપણી વિચારસરણી બદલવાની જરૂર છે. આપણે આપણી મર્યાદિત વિચારસરણીના પિંજરામાં કેદ છીએ એટલે ઉડતા શીખતા નથી. તેથી આપણે આપણી વિચારસરણી બદલીશું. પુરુષાર્થ કરીશું તો સફળતા અવશ્ય પ્રાપ્ત થશે.

## વિચારોની કલમેથી...

◆ કિડીને પગનો દુખાવો નથી થતો કે હાથીને નથી વિચાર આવતો વજન ઘટાડવાનો.

◆ કરોળિયા ને પડવા નો ડર નથી લાગતો કે... સમડી ને નથી લાગતો ઊંચાઈનો ડર.

◆ હરણને ઘુંટણનો દુખાવો થતો નથી કે... સાપને નથી સરકવાનો કંટાળો.

◆ સિંહને શિકારની કદી ચિંતા નથી કે... જિરાફને થતો નથી કદી મણકાનો ઘસારો.

◆ પાણીમાં પડી રહેતી ભેંસને થતી નથી શરદી કે... ઊભા ઊભા જીવનાર ઘોડા ને લાગતો નથી થાક.

◆ ટહુકા કરવા મા કોયલનું ગળું બેસતું નથી કે, પક્ષીઓને જોઇતો નથી બાપનો તૈયાર માળો.

◆ માણસને જ ... ભય-ચિન્તા-ડર કંટાળો-ઘસારો, તૈયાર વસ્તુઓ, ભોગ-રોગ-થાક શું કામ ???

◆ મનની લઘુતા છોડી પશુ પક્ષીઓની જેમ સહજ.. સરળ જીવીએ તો કેમ??

**તો ચાલો એક વાર પ્રયત્ન તો કરી જોઇએ...**

◆ મને અદ્ભુત શરીર આપનાર હે પરમેશ્વર!!

◆ કોઇ અરજી નહોતી કરી કે નહોતી કોઇની ભલામણ.

◆ છતાં માથાનાં વાળથી લઇ પગનાં અંગૂઠાં સુધી ૨૪ કલાક ભગવાન તું રક્ત પ્રવાહિત કરે છે.

◆ નિરંતર હૃદય ચલાવે છે, એને ચલાવવાવાળું એવું કયું યંત્ર તે ફીટ કર્યુ છે હે ભગવાન ?



◆ પગના નખથી લઇ માથાના વાળ સુધી કોઇ અડચણ વગર સંદેશા વહન કરવાવાળી પ્રણાલી...

◆ કઇ અદ્રશ્ય શક્તિથી ચાલી રહી છે એજ કાંઇ સમજાતું નથી.

◆ હજાર-હજાર મેગા પિક્સલવાળા બે બે કેમેરા દિવસ-રાત બધા દ્રશ્યો કેદ કરી રહ્યાં છે.

◆ દસ હજાર ટેસ્ટ કરવાવાળી જીભ નામની ટેસ્ટર...

◆ અગણિત સંવેદનાનો અનુભવ કરવાવાળી ત્વચા નામની સેન્સર પ્રણાલી

◆ ૭૫% પાણી ભરેલું શરીર રૂપી ટેન્કરમાં ચામડી ઉપર લાખો છિદ્ર હોવા છતાં ક્યાંયથી લીક નથી થતું.

◆ કોઇ આધાર વગર હું ઊભો રહી શકું છું.

◆ ગાડીનાં ટાયર ઘસાય છે, પણ પગનાં તળિયા ક્યારેય ઘસાતા નથી.

◆ કેવી અદ્ભૂત એવી રચના છે... દેખભાળ, સ્મૃતિ, શક્તિ, શાંતિ આ બધું ભગવાન તું આપે છે. તું જ અંદર બેસીને શરીર ચલાવે છે.

આ ઉત્તમ પ્રણાલી માટે તારો અનંત અનંત આભાર વ્યક્ત કરું છું...!!

# જે મને બધે જુએ છે અને બધું મારામાં જુએ છે તેને હું અદ્રશ્ય રહેતો નથી

કોયલના ટહુકાનું મૂલ્ય ગાયત્રી મંત્રથી ઓછું આંકવાની ભૂલ કરવા જેવી નથી. ઢેલ આગળ કળા કરતાં મોરનો અદ્ભૂત નૃત્ય વૈભવ નિહાળ્યા પછી થનગનાટનો અનુભવ જ ન થાય તેને માણસ કહેવો કે કેમ ? એ એક યક્ષ પ્રશ્ન છે. સુગરી અને દરજીડાનો માળો જોયા પછી જો વિશ્વકર્મા યાદ ન આવે તો જ નવાઈ ! યોગ : કર્મસુ કૌશલમ્. કરોળિયાનું જટીલ, જાળું જોયા પછી આજના ઈજનેરો ભોંઠા પડી જાય છે. વાહ રે ! કુદરત.

વહેલી પરોઢે કૂકડો બોલે તેમાં પ્રભુની રોકડી પરોક્ષ ચેતના ઊજાગર થાય છે. હોલાનું પ્રભુ તું પ્રભુ તું સ્મરણ ભક્તિની પરાકાષ્ઠા છે. મોટા લટકતા મધપૂડાનું ભમરીઓનું નિવાસસ્થાન સંપ ત્યાં જંપ-ની યાદ અપાવી જાય છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયની લાલિમા અસ્તિત્વનું અસ્તિત્વ છે એનો પુરાવો છે. સપ્તરંગી મેઘધનુષ્ય એ તો સ્વયં ઇશ્વરના હસ્તાક્ષર છે. સમુદ્ર તટે બેસી દરિયાનાં મોજાંના ઘૂઘવાટની આજદિન સુધી કોઈ નકલ કરી શક્યું નથી ! મનને શાંત કરવાની તાકાત ઘૂઘવાટમાં છે.

અંધારી રાતના ઝબૂકતા આગિયાના ક્ષણિક થતા ચમકારા વીજળીના ચમકારે મોતી પરોવવાનો બોધ બધાને આપી જ દે છે. ગાયને ધાવતું વાછરડું માતૃપ્રેમનો લાગણીસભર ખજાનો છે. સંધ્યા ટાણે થતો ઘંટારવ કાનની ઉપયોગિતાને સાર્થક કરે છે. દેડકાઓનું ડ્રાઉ ડ્રાઉનું સમૂહગાન સંગીતસભાની કક્ષાનું હોય છે. માતાના મુખેથી વહાલસોયા લાડલા માટે ગવાતું હાલરડું વહેલી સવારે ગવાતા પ્રભુના પ્રભાતિયાની ગરજ સારે છે. ભ્રમરનો ગુંજારવ સારેગમપધનિ-થી ઉતરતો નથી હોતો. તમરાંનો તીણો અવાજ તંબૂરાના તારની સ્પર્ધા કરતો હોય છે.

ભગવાન માત્ર મંદિરમાં જ હોય છે - એ વહેમ ટાળવા જેવો છે. જે મને બધે જુએ છે અને બધું મારામાં જુએ છે તેને હું અદ્રશ્ય રહેતો નથી. (ગીતા અધ્યાય : ૬

**શ્રીકૃષ્ણ ભગવાન**
**ગીતા અધ્યાય:૬, શ્લોક ૩૦**



**ભગવાન માત્ર મંદિરમાં જ હોય છે - એ વહેમ ટાળવા જેવો છે. જે મને બધે જુએ છે અને બધું મારામાં જુએ છે તેને હું અદ્રશ્ય રહેતો નથી.**

: શ્લોક : ૩૦). પીપળાની પૂજા સ્વયં વિષ્ણુની પૂજા છે. ગૌમાતાની સુશ્રુષા ગોપાળની ભક્તિનું શુદ્ધ રૂપાંતર છે, ગાયમાં ૩૩ (તેત્રીસ) કરોડ દેવતા છે એવું વાતે વાતે કહેનારને એક ગાય આપના આંગણે બાંધી પાળવાનું કહીએ તો પોતે જાણે અબઘડી ''દેવ'' થઈ જશે એવું કટાણું મોઢું કરી ભાગી જનારાઓની બહુમતી છે. અભી બોલા અભી ફોક. ઐસા ભી હોતા હૈ !

પહેલા પહેલા વરસાદની માટીની મહેંક (ફોરમ), ઉષા અને સંધ્યા ટાણે થતો પક્ષીઓનો કાનને ગમી જાય તેવો કલરવ, ઝરણાનો ખળખળાટ, પારિજાતનાં પુષ્પોનો પમરાટ, રાતરાણીની માદક સુગંધ, લજામણીની નજાકત, વૃક્ષોની તાજી કૂંપળો, અગણિત એવાં ફળોની મીઠાશ, પૂનમની ચાંદની, વીજળીનો તેજ લિસોટો, ખેતરોમાં લીલાંછમ લહેરાતાં (ઘઉં, બાજરી, મકાઈ, જુવાર) કોમળ કણસલાં, રંગબેરંગી પતંગિયાંની ફોજ અને આત્મા-પરમાત્મામાં ભળી જાય તેવું નદીનું સાગરમાં એકાકર વિલીન થઈ જવું - માં જો કોઈને જગતનિયંતાનાં દર્શન થઈ જતાં હોય તો તેવા માટે મંદિર જવું ફરજિયાત નથી. કારણ કે સર્વ ભૂતોનું બીજ હું છું, એવું કોઈપણ સ્થાવર-જંગમ નથી કે જે મારા વિનાનું હોય (ગીતા-વિભૂતિયોગ, શ્લોક:૩૯) એવું શ્રીકૃષ્ણ કહીને આ બાબતનું સમર્થન કરે છે.

બકરો ખુદ મેલડી માતાનું વાહન છે પણ માનતા રાખી ભૂવા આખેઆખો બકરો કાપી, રાંધીને ખાઈ જાય છે ત્યારે મેલડી માતા કેવી રીતે રાજી રહેતાં હશે એવો પ્રશ્ન કોઈને થતો જ નથી. તો પછી મા અંબાજીનું વાહન વાઘ છે - લો, તમારામાં તાકાત હોય તો વાઘની માનતા એક વાર તો રાખો-ભુવાજી-આવો..મેદાનમાં.

૩૦ (ત્રીસ) ફૂટ ઊંચા ફ્લેટની પાણીની ટાંકી માટે મોટર ફરજિયાત છે પણ દરિયા કિનારે પચાસ ફૂટ ઊંચી નાળિયેરીનાં ત્રીસથી પચાસ નાળિયેરમાં સરસ શુદ્ધ મીઠું પાણી કોણ ભરી જાય છે? મા-ના ઉદરમાં ગર્ભસ્થ શિશુનાં તમામ અંગો બહારથી એક પણ મટીરીયલ વગર આપોઆપ થઈ જાય ત્યારે એ દિવ્યતત્ત્વનો અહેસાસ થઈ જાય છે. પિંડે સો બ્રહ્માંડે અહં બ્રહ્માસ્મિ-તે આનું નામ !!

વર્ષોના અનુભવ પછી એક વાત જડી છે: મા બાપની સેવા, રોગીની સુશ્રુષા, જીવદયા, પક્ષીઓને ચણ, તરસ્યા માટે પરબ, ભૂખ્યાને ભોજન, અતિથિ અને વડીલોનો આદર, સ્ત્રી દાક્ષિણ્ય, નીતિ અને પરસેવાની કમાણી, આત્મભાન અને આત્મજ્ઞાનનું ધ્યાન રાખશો તો સ્વયં ભગવાન તમારું ધ્યાન રાખશે. એક વાર આ અજમાવી તો જુઓ! સુખને એક અવસર તો આપો!!

**- પી.એમ. પરમાર**

# સદ્ગુરુની માનસિક ઉપસ્થિતિ પણ તારક છે

એક સંત. અધ્યાત્મ પરંપરામાં ખૂબ જ ઊંડા ઉતરેલા. દિન-રાત ધ્યાન કરે. એક દિવસ સંત ધ્યાનમાં હતા, ત્યારે એક યુવાન આવ્યો. થોડીવાર બેઠો રહ્યો. અલ્પ સમય પછી સંત ધ્યાનમાંથી બહાર આવ્યા, ત્યારે યુવાને કરબદ્ધ નમસ્કાર કરી કહ્યું : 'ગુરુદેવ ! મારે આપના શિષ્ય થવું છે. આપ મારો સ્વીકાર કરશો?'

સંતે સસ્નેહ કહ્યું : 'ભાઈ ! તારો અસ્વીકાર કરનાર હું કોણ? પરમાત્માના દ્વાર તો સમસ્ત વિશ્વ માટે



ખુલ્લા છે, તો હું કેવી રીતે કોઈને ના કહી શકું ?' સંતના પ્રેમાળ વાર્તાલાપથી યુવાન ભિંજાઇ ગયો. તેણે આગળ પૂછ્યું : 'ગુરુદેવ ! હું ખૂબ જ પાપી છું. મારા જીવનમાં મેં ઘણાં બધાં પાપો કર્યાં છે. આવા પાપીનો આપ સ્વીકાર કરશો?' સંતે સ્નેહની અભિવૃદ્ધિ સાથે કહ્યું : 'આ દુનિયામાં કોણ પાપી નથી? સૌએ થોડા પાપો તો કર્યાં જ હોય છે. મારા માટે તો આનંદની વાત આ છે કે, તું તારા પાપનો સરળતાથી સ્વીકાર અને આટલી સહજતાથી એકરાર કરે છે. સૌ કોઈ માટે આ સહેલું નથી !'

યુવાન તો સંત ઉપર ઓવારી ગયો. તેને એમ હતું કે, મારા જેવા પાપીને સૌ ધિક્કારતા જ હોય છે, તો સ્વીકાર કોણ કરે? અને આટલું જલદી સંત સ્વીકારશે, તેવી તેને કલ્પના ન હતી. હવે વધુ નિખાલસતાથી તેણે કહ્યું : 'હું શરાબનું વ્યસન કરું છું, વ્યભિચાર પણ કરું છું,? અર્થાત્ બધા જ પાપો કરું છું. હવે મારે આ બધાં ભયંકર પાપોથી મુક્ત થવું હોય, તો હું શું કરું? કૃપા કરી આપ મને માર્ગદર્શન આપો.'

સંતે કહ્યું : 'જો વત્સ ! આજથી તેં મને ગુરુ બનાવ્યો છે, અને મેં તારો શિષ્ય તરીકે સ્વીકાર પણ કર્યો છે, તેથી હવે તને જ્યારે પણ પાપ કરવાનું મન થાય, ત્યારે તારે મારી હાજરીમાં પાપ કરવાનું. તનથી પાપ કરવું હોય તો પણ મારી હાજરીમાં કરવાનું, અને મનથી પાપ કરવું હોય તો પણ મારી હાજરીમાં જ કરવાનું !' 'તહત્તિ' કરી શિષ્ય જતો રહ્યો.

કેટલાંક દિવસો પછી તે આવ્યો. સહજ ગુરુદેવે પૂછ્યું : 'કેવું છે હવે?' તો યુવાન બોલ્યો : 'ગુરુદેવ ! તે દિવસે તો હું આપને 'હા' કહીને જતો રહ્યો, પણ પછી ખ્યાલ આવ્યો કે શરાબ કે વ્યભિચાર તો આપની હાજરીમાં કરાય જ નહીં, અને આપનાથી દૂર હોઉં ત્યારે કરવાનો વિચાર આવે ને તરત જ સામે આપ દેખાઓ છો. હવે આપની ઉપસ્થિતિ અનુભવાય, તો પાપનું આચરણ કેવી રીતે થાય? તેથી એ દિવસથી શરાબ, વ્યભિચાર, જુગાર વગેરે બધું જ છૂટી ગયું છે.'

સંતે હવે યુવાનની આંખમાં આંખ મિલાવી કહ્યું : સદ્ગુરુની વાસ્તવિક ઉપસ્થિતિ તો તારક છે જ, પણ સાથે સાથે માનસિક - કાલ્પનિક ઉપસ્થિતિ પણ તારક છે. તે આપણને પાપોની મોટી મોટી ગર્તામાં પડતા બચાવે છે. સદ્ગુરુ સ્વીકારનો આ જ સૌથી મોટો લાભ છે.

**- રાજ સંઘવી**

# યોગીરાજ શ્રી રૂખડનાથજી

**આભલે અધૂરી રહી આશા,**
**ત્યારે તારો ખર્યો હશે,**
**આખા નભને પામીનેય**
**કાંઈ પામ્યા વિણ સર્યો હશે.**

એમ જ ક્યાં ખરતા તારાથી કાંઈ માંગે છે જગત- જે પોતે ન પામ્યો હોય એ સૌને આપતો ફર્યો હશે.

યોગીરાજ રૂખડનાથજી સિદ્ધ યોગી છે. તેમણે ૮૪ આસનો સહજતાથી સિદ્ધ કર્યા છે. નાની ઉંમરમાં દીક્ષિત થયા છે. તેમનું ભાવ વિશ્વ વિશાળ છે. આધ્યાત્મિક ચિંતન ઊંડું છે. શાસ્ત્રોનો અભ્યાસ બહોળો છે. યાદ શક્તિ અદ્ભુત છે. તેમણે સ્વઅનુભૂતિજન્ય અનેક ભજનો લખ્યાં છે. જે લગભગ બધાં જ ગાઈ શકાય તેવાં અને સમજાય જેવાં છે. બોધપ્રદ છે. તેમનું શાસ્ત્રીય રાગ-રાગણીનું જ્ઞાન સરાહનીય છે.

ઉપરોક્ત કાવ્ય તેમણે જુદી શૈલીથી રજૂ કર્યું છે. આકાશપૂર્ણ છે. આ વિશ્વ પરમકૃપાળુ પરમાત્માએ રચ્યું છે. તેથી પૂર્ણ છે. આકાશમાં અગણિત તારલાઓ ભ્રમણ કરે છે. તેમાંથી કોઈક તારો છૂટો પડીને ખરી પડે છે. ત્યારે કવિ વિચારે છે.

આકાશરૂપ સૃષ્ટિ પૂર્ણ છે. તેમાંય કાંઈક મેળવવા મથી રહેલા તારલાઓ કશું જ મેળવ્યા વગર ખરી પડે છે. તે રીતે આપણે ક્યારે ખરી પડીશું. આપણું અસ્તિત્વ પેલા ખરતા તારાની જેમ ક્યારે ભૂંસાઈ જશે એ નક્કી નથી. માટે આપણે અસ્તિત્વનું અભિમાન ના કરવું. કાંઈક મેળવવા મથવું. પરંતુ ક્યારેય અધૂરા જ્ઞાનનો પોતાની રીતે પ્રચાર કરીને સમાજને ખોટા રસ્તે દોરવાનો દંભી પ્રયત્ન ના કરવો.

જે કોઈ સાધક પોતાની અજ્ઞાનતાને છૂપાવીને જ્ઞાની હોવાનો ડોળ કરે છે તેવા દંભી સાધકો યોગીરાજ રૂખડનાથજીને ગમતા નથી.

રૂખડનાથજી ધીણોજ ગામમાં આશ્રમ બનાવીને રહે છે. અનેક બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કરે છે. કેટલાંક બાળકોને દત્તક લઈને તેમનો સર્વાંગીણ વિકાસ થાય તેની કાળજી રાખે છે. જરૂરિયાત મંદ લોકોને રાશન, કપડાં કે જીવન જરૂરી વસ્તુઓ ગૌરવ જળવાય તે રીતે આપે છે.

રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ગીતા અને અન્ય ધર્મના પુસ્તકોના અભ્યાસ તેમના વ્યાસપીઠ ઉપરથી થતા કથા પ્રવાહમાં માણવા મળે છે. આવા વિરક્ત અને સશક્ત વિચારોના ધની સંત યોગીરાજ રૂખડનાથજીની વાણીને અને કલમ પ્રસાદીને વંદન...

**- નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

# ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન

શ્રીમદ્ ભાગવતજીના દ્વિતિય સ્કંધના પ્રથમ અધ્યાયમાં ભગવાન નારાયણના વિરાટ સ્વરૂપનું વર્ણન શુકદેવજી મહારાજ કરે છે. આ વિશ્વ એ જ ભગવાનની મૂર્તિ છે એવો ભાવ આ પ્રસંગ દ્વારા ચરિતાર્થ થાય છે.

શ્રીશુકદેવજી મહારાજ બોલ્યા કે, 'હે પરિક્ષિત ! આસન, શ્વાસ, આસક્તિ અને ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરીને, પછી બુદ્ધિ વડે મનને ભગવાનના સ્થૂળ રૂપમાં પરોવવું જોઈએ. મોટામાં મોટું આ જે વિશેષરૂપે દૃશ્યમાન સ્થૂળ વિરાટ બ્રહ્માંડ છે, તે જ વિશ્વરૂપમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન સમયમાં દેખાઈ રહ્યું છે એવું અનંતકોટિનું બ્રહ્માંડ જ વિરાટપુરુષનો સ્થૂળ દેહ છે. આ વિશ્વબ્રહ્માંડના રૂપમાં રહેનારો વિરાટ પુરુષ પૃથ્વીના જળ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ - આ સાત આવરણોથી ઘેરાયેલો છે એને વિરાટ પુરુષ કહે છે, તેમાં જ ભગવાનના સમસ્ત અંગોની ધારણા કરવામાં આવે છે. તત્ત્વજ્ઞાની મનુષ્યો તે વિરાટ પુરુષનું વર્ણન કરતાં કહે છે કે, એ વિરાટ પુરુષનાં તળિયા પાતાળ છે, તેમની એડીઓ અને પંજા રસાતલ છે, બંને ઘૂંટીઓ તેમના પગની પીંડીઓ તલાતલ છે. વિશ્વ-મૂર્તિ ભગવાનના બંને ગોઠણ સુતલ છે, જાંઘો વિતલ અને અતલ છે, પેઢું ભૂતલ છે અને હે પરીક્ષિત ! તેમના નાભિરૂપી સરોવરને જ આકાશ કહે છે. આદિપુરુષ પરમાત્માની છાતીને સ્વર્ગલોક, ગળાને મહર્લોક, મુખને જનલોક અને લલાટને તપોલોક કહે છે. તે સહસ્ત્ર શિરવાળા ભગવાનના મસ્તક-સમૂહને સત્યલોક કહે છે. ઈન્દ્ર વગેરે દેવતાઓ તેમની ભુજાઓ છે. દિશાઓ કાન અને શબ્દ શ્રવણેન્દ્રિય છે. બંને અશ્વિનીકુમારો તેમની નાસિકા છે; ગંધ ઘ્રાણેન્દ્રિય છે અને પ્રજ્વલિત અગ્નિ તેમનું મુખ છે. ભગવાન વિષ્ણુનાં નેત્રો અંતરિક્ષ છે, તેમની જોવાની શક્તિ સૂર્ય છે, બંને પોપચાં રાત અને દિવસ છે, એમનો ભ્રૂકુટિવિલાસ બ્રહ્મલોક છે; તાળવું જળ અને જીભ રસ છે. વેદોને ભગવાનનું બ્રહ્મરંધ્ર અને યમને દાઢો કહે છે. બધી જાતના સ્નેહ દાંત છે અને તેમની જગન્મોહિની માયાને જ તેમનું સ્મિત કહે છે. લજ્જા એ ઉપરનો હોઠ અને લોભ એ નીચેનો હોઠ છે. ધર્મ સ્તન અને અધર્મ પીઠ છે. સમુદ્ર પેટ છે અને મોટા-મોટા પર્વતો તેમનાં અસ્થિસમૂહ છે.

હે રાજન ! નદીઓ વિશ્વમૂર્તિ વિરાટ પુરુષની નાડીઓ છે, વૃક્ષો રુવાંટાં છે, પરમ પ્રબળ વાયુ શ્વાસ છે, કાળ તેમની ચાલ છે અને ગુણોનું ચક્કર ચલાવ્યે રાખવું એ તેમનું કર્મ છે. હે પરીક્ષિત ! વાદળો તેમનાં કેશ મનાય છે, સંધ્યા તે અનંતનું વસ્ત્ર છે. મહાત્માઓએ અવ્યક્ત ને જ તેમનું હૃદય કહ્યું છે અને બધા વિકારોનો ખજાનો એવા ચંદ્રમાને તેમનું મન કહેવામાં આવ્યો છે. મહત્તત્ત્વને સર્વાત્મા ભગવાનનું ચિત્ત કહે છે અને

**ભગવાન વિષ્ણુનાં નેત્રો અંતરિક્ષ છે, તેમની જોવાની શક્તિ સૂર્ય છે, બંને પોપચાં રાત અને દિવસ છે, એમનો ભ્રૂકુટિવિલાસ બ્રહ્મલોક છે**

રુદ્ર તેમનો અહંકાર છે. ઘોડા, ખચ્ચર, ઉંટ અને હાથી તેમના નખ છે. વનમાં રહેનારાં બધાં મૃગો અને પશુઓ તેમના કટિપ્રદેશમાં સ્થિત છે. જાત-જાતનાં પક્ષીઓની રચના તેમની અદ્ભુત શિલ્પકળા છે. મનુ તેમની બુદ્ધિ છે અને મનુનાં સંતાનો મનુષ્યો તેમનાં નિવાસસ્થાન છે. ગંધર્વ, વિદ્યાધર, ચારણો અને અપ્સરાઓ તેમના ષડ્જ વગેરે સ્મૃતિ છે. બ્રાહ્મણ મુખ છે, ક્ષત્રિય ભુજાઓ છે, વૈશ્ય જાંઘો છે અને શુદ્ર તે વિરાટ પુરુષનાં ચરણ છે. વિવિધ દેવતાઓના નામે જે મોટા-મોટા દ્રવ્યયજ્ઞો કરવામાં આવે છે તે તેમનાં કર્મો છે.

હે પરીક્ષિત ! વિરાટ ભગવાનના સ્થૂળ શરીરનું આ જ સ્વરૂપ છે. તે સ્વરૂપમાં મુમુક્ષુ મનુષ્ય બુદ્ધિ વડે મનને સ્થિર કરે છે. કારણ કે, એનાથી ભિન્ન અન્ય કોઈ વસ્તુ નથી. તે ભગવાન જ જગતમાં જેટલા પણ પ્રાણીઓ છે તે બધાંની બુદ્ધિઓ દ્વારા તમામ રૂપોમાં થઈને તે જ બધા પદાર્થોનો અને વિષયોનો અનુભવ કરે છે. તે ભગવાન બધા પ્રાણીઓના આત્મા છે. મોહનિન્દ્રાથી જાગેલો મનુષ્ય એક પરમાત્માનું જ દર્શન કરે છે. સત્ય તત્ત્વ એક જ છે, તે આનંદનો સાગર છે, તેમની ભક્તિ કરવી જોઈએ. ક્યાંય પણ આસક્ત ન થવું જોઈએ.

આ પ્રમાણે શુકદેવજી મહારાજે પરીક્ષિત રાજાને ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન કર્યું અને ભગવાનના ગુણગાન ગાયા. તો આવો આપણે સૌ ભગવાનના આ વિરાટ સ્વરૂપનું ધ્યાન ધરીએ એ જ ભાવ સહ અસ્તુ...

**- પ્રજ્ઞાચક્ષુ ડો. કૃણાલ જોષી**

# સત્યનો સ્વીકાર ને અસત્યનો નાશ એજ ધર્મ

માનવ જીવનમાં માણસ જ્યારે પોતાના આત્મિક સત્યનો, સ્વસ્થ ચિત્તે પ્રસન્ન અને સમતા યુક્ત સંતુલિત મનથી હૃદયપૂર્વક સ્વીકાર કરે છે ને મનમાંથી અસત્યનું નિવારણ, નાશ કરે છે, એટલે કે નિવૃત્તિ ધારણ કરે છે, ત્યારે જ તે અનુભૂતિ જન્ય સત્ય ધર્મનો સત્ય સ્વરૂપ ઉપાસક છે, તેમ સાબિત થાય, આવો સત્ય ધર્મનો ઉપાસક નિત્ય મુક્ત, નિત્ય આનંદ, નિત્ય શાંતિ ધારણ કરીને પરમ સત્યનું લક્ષ સિધ્ધ કરવા માટે દ્રઢ સંકલ્પ યુક્ત જીવન જીવતો હોય છે, આવા સત્ય સ્વરૂપ ધર્મના ઉપાસકને કોઇપણ પ્રકારની આસક્તિ મોહ, ભય ભ્રમ કે કોઇ સ્વાસ્થ યુક્ત પ્રલોભનકદી પણ કોઇપણ પરિસ્થિતિમાં વિચલિત કરી શકે જ નહીં, આમ આવા ઉપાસકનું મન નિર્મળ શુભ અને તર્ક શુધ્ધ હોય છે.

**માનવ જીવનમાં અનેક પ્રકારના સંસ્કારો પડેલા હોય છે. તે બધાને પરિણામે ટેવનું રૂપ ધારણ કરે છે. આમ ટેવ એ માણસનો સ્વભાવ બને છે. માણસ આજે જે કઇ છે, તે તેમની ટેવનું જ પરિણામ છે**

માણસ આજે જે કઇ છે, તે તેમની ટેવનું જ- પરિણામ છે. એથી તો માણસને એક પ્રકારનું આશ્વાસન મળે છે, કે જો આવો ફેરફાર યુક્ત સ્વભાવ જ હોય તો ટેવ ગમે ત્યારે બદલીએ એટલે સ્વભાવ બદલી શકીએ છીએ.

દરેકે સંસ્કાર પોતાનો ડાઘ મનમાં મૂક્તો જ જાય છે. તેને કાઢવા ધ્યાનનો અભ્યાસ કરવો પડે છે, એટલે આંતર ધ્યાનની સાધના કરવી જ પડે તે દ્વારા જ આ ડાઘ નાબૂદ થાય છે. આમ સમગ્ર ચરિત્ર એ બધા જ ડાઘ સરવાળો છે, અને જો શુભ સંસ્કાર તેનામાં પ્રબળ બને તો જ માણસ સારો અને સત્યવાદી થાય છે, અને જો ખરાબ સંસ્કાર પ્રબળ થાય તો માણસ, દુષ્ટ બને છે. જેનું પરિણામ ખતરનાક હોય છે. અને તે તેને ભોગવવું જ-પડતું હોય છે, તે છે જીવન ભર દુખ, ચિંતા અને તનાવગ્રસ્ત જીવન.

જો માણસના જીવનમાં આત્મિક સત્યના આનંદ સ્વરૂપ સંસ્કારો પ્રબળ બને તો જ જીવનમાં પરમ આનંદ અને પરમ શાંતિ ધારણ કરી જીવન જીવી શકાય છે, એટલે જીવનમાં ખરાબ ટેવો છોડવાનો એક માત્ર ઉપાય છે, તેનાથી ઊલટી સારી સત્ય સ્વરૂપ ટેવો ધારણ કરો, અને તેનું આચરણ આત્મિક સત્ય સ્વરૂપ થઇને કરવા જ માંડો એજ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે, એને જે જે- ખરાબ ટેવોના સંસ્કારો મન પર પડેલા છે, તેમને બધાને સારી ટેવોથી અને ધ્યાનની આંતર સાધનાથી ભૂસી નાખીને તેને કાબુમાં લેવાનું રાખવું જોઇએ.

**- તત્વચિંતક વિ. પટેલ**

# નવપદની નિશ્છલ આરાધના શિવપદના છલોછલ સુખને આપે છે

**આંખ છીપ, અંતર મોતી**

**આચાર્ય રાજહંસ**

એણે બરાબર ધ્યાન આપ્યું. ધ્યાનથી જોયું...

સ્વયંભૂરમણ નામના એક વિશાળકાય અસંખ્ય યોજન પ્રમાણ સમુદ્રમાં એક માછલું પાણીની બહાર નીકળી ગયું છે.

પાણી વગર તરફડતા અન્ય માછલાઓની જેમ આ માછલું તરફડી નથી રહ્યું. એ એકદમ નિશ્ચલ છે. એનો નિશ્ચય પણ નિશ્ચલ અને નિશ્છલ છે. સાગરના પાણીની જેમ એમાં સત્ત્વ પણ છલોછલ ભરેલું છે.

એણે મનથી નિયમ લીધો છે. સાચેત જળ એટલે કે કાચા પાણીની વિરાધના કરવી નહીં અને મારાથી નાના માછલાઓને ભોજન તરીકેનો ત્યાગ... જળચર આદિજીવોમાં એવો મત્સ્ય-ગબાગલ નિયમ ચાલતો હોય છે કે મોટો જીવ નાના જીવનો કોળિયો- આહાર કરી જાય. પણ આ માછલાએ અફર નિર્ણય કર્યો કે મારે કોઈ પણ જીવનો આહાર કરવો નહિ...

ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ મળી કુલ ૨૪ પહોર એટલે કે ૭૨ કલાક સુધી પોતે અનશનમાં રહ્યો. ન પાણી, ન આહાર.. કાયાની નિશ્ચલતા સાથે મનની પણ નિશ્ચલતા આ માછલાની એવી દ્રઢ બની રહી કે એ મૃત્યુ પામીને બીજા જન્મમાં દેવલોકમાં દેવ બનીને શોભી રહ્યો.

આ જ દેવ અત્યારે દેવલોકમાં અરિહંત ભગવાનની પ્રતિમા સામે ભક્તિ હૃદયે બેઠો હતો. મૂર્તિને જોઈને એને પરમ આનંદ થયો. એક પોતાના નિર્મલ અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વજન્મ જોયો. એના પણ પૂર્વજન્મને જોયો. અને એ જોયા પછી એ દેવે એક ઉત્તમ વિચાર સાથે તીર્થંકરભગવાનના સમવસરણમાં પ્રવેશ કર્યો. ત્યાં બેઠેલ બારે પર્ષદાને (સભાને) સ્પષ્ટ સમજાય કે આ મૂર્તિપૂજાનો કેવો અદ્ભુત પ્રભાવ છે ! મૂર્તિપૂજાએ સાક્ષાત મુર્તિમંત ભગવાનની જ પૂજા છે. ભગવાન સાક્ષાત નથી દર્શન આપતા, પણ એ આ રીતે મૂર્તિમાં દર્શન આપે છે.

સમવસરણમાં ભગવાન પાસે આવીને બધી જ પર્ષદા સભા સાંભળે તે રીતે આ દેવે કહ્યું- 'પ્રભો ! આપની મૂર્તિ પણ સાક્ષાત્ આપના જેવી જ પ્રભાવવંતી છે, એવું મેં મારા જીવનમાં પૂર્વજીવનમાં સાક્ષાત અનુભવ્યું છે. મૂર્તિ પણ વ્યક્તિનું એકરૂપ જ છે. અર્થાત્ મૂર્તિ અને વ્યક્તિ એકરૂપ જ છે.'

આટલું કહીને એ તેજસ્વી દેવ સાક્ષાત ભગવાનને નમી-વંદીને ભગવાનની મૂર્તિની પૂજા કરવા માટે ફરી દેવલોકમાં પહોંચી જાય છે. નવપદજીની શાશ્વતી ઓળીના દિવસોમાં દેવો નંદીશ્વર દ્વીપ આદિ તીર્થો પર પ્રભુભક્તિ કરે છે.

દેવના ગયા બાદ એક શ્રદ્ધાળું ભક્તે ભગવાનને પૂછ્યું- 'પ્રભો ! આ દેવનો વૃત્તાંત જણાવવાની કૃપા કરશો.'

ભગવાને સુમધુર વાણીમાં એ દેવનો પૂર્વભવ જણાવતા વર્તમાન પરિભાષામાં ફ્લેશબેકમાં જતાં કહ્યું - પૃથ્વી ઉપરના પૃથ્વીપુર નામે નગરમાં જિનદાસ નામે એક શેઠ પોતાના દેવદત્ત નામે પુત્ર સાથે રહે. પિતા-પુત્ર બંને સામસામેના છેડે હતા. દીકરો સાતે વ્યસનમાં પૈસા ઉડાડતો હતો તો પિતાજી ધર્મના સાત ક્ષેત્રમાં સંપત્તિનો સદ્વ્યય રૂપે વાવણી કરતા હતા. દીકરો ભગવાનને નહોતો ગણકારતો, જ્યારે પિતાજી ભગવાનની મૂર્તિને પણ ભગવાન સ્વરૂપે ગણતા હતા.

દીકરો ભગવાનના દર્શનને બાધક તત્ત્વ ગણતો હતો, ત્યારે પિતાજી ભગવાનની મૂર્તિને આત્મ-સ્વરૂપના દર્શન માટે દર્પણરૂપે સાધક ગણતા હતા.

પિતાજી દરરોજ પૂજા કરે અને દીકરાને પૂજા કરવાનું જણાવે. પણ દીકરો આવું કશુંય સાંભળે નહીં.

પિતાજીને આરાધના-સાધના-ઉપાસનાનું વ્યસન હતું, જ્યારે દીકરાને મન તો પોતાના સાત વ્યસન એ જ આરાધ્ય-સાધ્ય તત્વ હતા.

દીકરો દરરોજ ભગવાનની પ્રતિમાજીના દર્શન કરે તે હેતુથી પોતાના ઘરના દરવાજાની સામે જ એક જિનપ્રતિમાની સ્થાપના કરી અને સહજભાવે- ક્રમને પણ ભગવાનને નમન થાય તે હેતુથી પોતાના ઘરનું બારણું નું બાણુ સેન્ટીમીટરનું કરી દીધું. જેથી એણે જ આગળ વધવું પડે. માથું જુકવવું જ પડે ભગવાનને.

સમય પસાર થયો... દીકરો દેવદત્ત આયુષ્ય પૂરૂ કરીને મરીને સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલાં તરીકે જન્મ લે છે. સમુદ્રમાં એકવાર એક જિનપ્રતિમાના આકારના માછલાને જોયા પછી જાતિસ્મરણ જ્ઞાન થાય છે. પોતાનો પૂર્વજન્મ જુએ છે. ભાવ વગર પણ એ પ્રતિમાના દર્શન કરવાના ફળસ્વરૂપે આ તિર્યંચ-જળચરના અવતારમાંય પ્રતિમાનો આકાર જોવા મળી ગયો. માનવજન્મ હારી ગયો- હવે આ મત્સ્યના નવજન્મને સાધી લઉં. એમ વિચાર કરી તે અન્ન-જળનો ત્યાગ કરી મરીને આ દેવ તરીકે જન્મ પામ્યો.

સર્વજગતને જિનપ્રતિમાની પૂજાનો સંદેશ આપવા તે અહીં આવ્યો હતો. મૂર્તિપૂજાને પણ ક્યારેય છોડશો નહીં. તેને પણ હાથ જોડશો. મંદિરમાં જવા માટે ચરણ ઉપાડશો.

## પ્રભાવના

ચૈત્ર અને આસો મહિનાની ૭ (સાતમ)થી લઈને પૂનમ સુધીના નવ દિવસો એ શાશ્વતી ઓળીના દિવસો કહેવાય. આ પરમ પવિત્ર દિવસોમાં દેવલોકના દેવો પણ સતત ભગવાનના જિનમંદીરમાં રહીને પ્રભુની ભક્તિ કરતા રહે છે.

આ દિવસોમાં જેટલી બને એટલી ભગવાનની ભક્તિ કરવી જોઈએ. દિવસે અને રાત્રે સતત ભગવાનની ભક્તિમય બનવું જોઈએ. એટલે જ ઉપદેશ પ્રાશ્વાદ નામે મહાગ્રંથમાં ૩૬૦ દિવસોના પ્રવચનોમાં આસો માસના આ નવેનવ દિવસોમાં માત્ર જિનાલય અને જિનપ્રતિમાની ભક્તિની જ વાતો અને વાર્તાઓ આપી છે.

નવપદના નવ દિવસો માનવપદ પ્રાપ્ત કરીને માનવીએ નવપદની નવ નવી અને અવનવી સાધના ઉપાસના કરવા દ્વારા નવું પદ એટલે કે શિવપદ પામવા તત્પર રહેવું જોઈએ.

# ભવનાં બંધન તોડનારી ભક્તિ આગળ તાળાંની શી વિસાત?

શ્રી ભક્તામર સ્તોત્રની પ્રથમ ગાથામાં આદિનાથ ભગવાનના ચરણયુગલને પ્રણામ કરવામાં આવ્યા છે. મનુષ્યજાતિના ઇતિહાસમાં આદિ રાજા, ત્યાગી અને ધર્મસ્થાપન કરનાર આદિનાથ ભગવાન છે, આથી જ આચાર્ય માનતુંગસૂરિજીએ મસ્તકને બદલે ચરણયુગલને પ્રણામ કરીને સ્તોત્રનો પ્રારંભ કર્યો છે. આ ચરણયુગલ કેવાં છે ? એ ચરણયુગલ માટે એમણે ત્રણ વિશેષણો પ્રયોજ્યા છે. એ ત્રણે વિશેષણો શ્રી આદિનાથ પ્રભુના મહિમાની સાથોસાથ એમની ઉપાસનાથી થતા ધર્મ-લાભને માર્મિક રીતે પ્રગટ કર્યો છે.

૧) આ ચરણયુગલ એવાં છે કે જેને ભક્તદેવોએ સ્વયં પોતાનું મસ્તક અત્યંત ભાવપૂર્વક નમાવીને પ્રણામ કર્યા છે. (૨) આ ચરણયુગલ એવાં છે કે જે પાપરૂપી અંધકારના નાશક છે. (૩) આ ચરણયુગલ એવાં છે કે જે સંસારરૂપી સાગરમાં ડૂબી રહેલાં મનુષ્યોને માટે ઉગારનારા-આલંબનરૂપ છે.

પાપના અંધકારનો નાશ કરવાની સાથોસાથ આ ચરણયુગલની ઉપાસના માનવીના ધર્મમય જીવનને માટે આલંબનરૂપ બને છે. એક બાજુ એ દુરિતનાં નાશક છે, તો બીજી બાજુ એ સદ્‌ના પ્રેરક છે. અનિષ્ટનો નાશ કરીને અટકી જનારા નથી, પરંતુ ઇષ્ટને માર્ગે દોરનાર પણ છે, અને તેથી પાપનાશ થયા બાદ એમનું આલંબન લેવાથી સંસારસમુદ્ર તરી જવાય છે અને મોક્ષસુખના અધિકારી બનાય છે.

આવાં ચરણયુગલને કઇ રીતે પ્રણામ થઇ શકે ? સ્વયં દેવો પણ એને નિત્ય નમસ્કાર કરે છે, તો માનવી શું કરે ? માનવી પણ એને સમ્યક્ પ્રણામ કરે. આનો અર્થ એવો કે જેને સ્વયં દેવો નમે તેને માનવી તો જરૂર નમે. પરંતુ આ નમનની પાછળ નકલ કરવાનો, ચીલાચાલુ માર્ગે ચાલવાનો કે અનુકરણ કરવાનો આશય નથી, પરંતુ દેવોએ જે માર્ગ અખત્યાર કર્યો છે, એ માર્ગે ચાલવાનો ભાવ છે. તેજસ્વી પરંપરાનું અનુકરણ નહીં, પણ અનુસરણ હોય છે અને એ રીતે અહીં દેવોને અનુસરીને માનવો પણ ભગવાનને નમસ્કાર કરે છે.

**આકાશની ઓળખ**

**કુમારપાળ દેસાઇ**

કેવા છે આ નમસ્કાર ? તો આચાર્ય માનતુંગસૂરીશ્વરજી વસંતતિલકા છંદમાં રચાયેલા આ કર્ણમધુર અને ભાવભરપૂર સ્તોત્રમાં એને 'સમ્યક્ પ્રકારે' કરેલાં નમસ્કાર કહે છે. નમસ્કાર શિષ્ટાચારથી પણ કરવામાં આવે છે. બાહ્ય આડંબરની દૃષ્ટિએ પણ થાય છે. માત્ર બીજાને દર્શાવવા માટે પણ થાય છે. ઠાલા શબ્દોથી કે રાગ-મોહથી પણ નમસ્કાર થાય છે, ત્યારે અહીં જે નમસ્કાર કર્યા છે તે 'સમ્યક્ પ્રણમ્ય' છે. આ સમ્યક્ પ્રણમ્ય એટલે જ્ઞાનપૂર્વક પ્રણામ કરવાનું છે અર્થાત્ આ પ્રણામ ભક્તિભાવપૂર્વક, મન, વચન, કાયાના પ્રણિધાનપૂર્વક થયેલા પ્રણામ છે. આ રીતે શ્રી આદિનાથને નમસ્કાર કઇ રીતે કરવા તે બાબત વિશે પણ સ્તુતિકારે ગહનતાથી વિચાર કર્યો છે. સમ્યગ્ દર્શન એ ભગવાનનું પરમાર્થ સ્તવન છે અને જ્યારે જ્ઞાનપૂર્વક પ્રણામ કરવામાં આવે ત્યારે સાધક એના અંતરમાં રહેલા વીતરાગભાવનો અંશ પ્રગટ કરીને પ્રણામ કરતો હોય છે.

આ પ્રસંગે સ્તોત્ર સ્તુતિ કરનારાઓએ એ વિચાર કરવો જોઇએ કે અહીં માત્ર સ્તોત્રના મંત્રનું ઉચ્ચારણ નથી, હૃદયની ઉત્કટ લાગણીનું પ્રાગટ્ય નથી, પરંતુ મન, વચન અને કાયાના



સમગ્ર અસ્તિત્વની સાથે વિચારપૂર્વક ભીતરની વૈરાગ્યતા સાથે થતું આ સ્તુતિગાન છે.

આ સ્તુતિની રચના વખતે અહંકારને ઓગાળવાની વાત છે. આચાર્ય માનતુંગસૂરિજી માત્ર 'હું' જ આપની સ્તુતિ કરું છું એમ કહેતા નથી. તેઓ કહે છે કે આ દેવાધિદેવ ઋષભદેવ છે અને દેવેન્દ્રોએ પણ એમની સ્તુતિ-સ્તવના કરી છે. સકળ શાસ્ત્રના સારરૂપ જે કલ્પો કહેવાયેલા છે તેનો મર્મ જાણીને નિપુણ થયેલી બુદ્ધિ વડે દેવેન્દ્રો મહાન અર્થવાળા સ્તોત્રનો ઉપયોગ કરીને જેમની સ્તુતિ-સ્તવના કરે છે, તેમની હું પણ સ્તુતિ કરીશ. આમ અહીં કર્તાના અહમ્‌નું નિગરણ જોવા મળે છે.

માત્ર પોતે જ સ્તુતિ કરે છે, એમ વર્ણવવાને બદલે દેવેન્દ્રોનું પોતે અનુસરણ કરી રહ્યા છે એમ કહેતાં આચાર્યશ્રીની વિનમ્રતા પ્રગટ થાય છે. આ દેવેન્દ્રોના મહિમાથી સહુ કોઇ પરિચિત છે. આ દેવેન્દ્રો એ તીર્થંકર ભગવાનનાં પાંચેય જન્મકલ્યાણકોની ઉમંગભેર ઉજવણી કરે છે અને એ પ્રત્યેક કલ્યાણકના પ્રસંગે સ્તુતિસ્તોત્રો ગાય છે. આવા ઇન્દ્રો ભગવાન આદિનાથની સ્તુતિ કરતા હોય, ત્યારે એમની આગળ પોતે તો એક અલ્પજ્ઞાની છે અને એવા તેઓ સ્તુતિ કરવા ઇચ્છે છે.

કથા પ્રમાણે આચાર્ય માનતુંગસૂરિને એક ઓરડામાં પૂરવામાં આવ્યા હતા. એમના શરીરની ચારે બાજુ લોખંડની સાંકળ બાંધવામાં આવી હતી અને તેના પર તાળાં મારવામાં આવ્યાં હતાં. આવા અંધારિયા ખંડમાં પૂરાયેલા આચાર્ય માનતુંગસૂરિજીએ શ્લોકની પ્રથમ ગાથાનું ગાન કર્યું હશે ત્યારે એમના હૃદયનું ભક્તિબળ કેવું હશે તેની કલ્પના કરવા જેવી છે.

અંધકારને નાશ કરનાર આદિશ્વર ભગવાનની ભક્તિ ભવતારક છે. જેની ભક્તિથી ભવના બંધન તૂટે ત્યાં આ તાળાંની શી વિસાત ? અને એથી જ પ્રત્યેક ગાથાએ એક પછી એક તાળું તૂટતું જાય છે. ભક્તિની શક્તિથી બાહ્ય બંધનમાંથી આપોઆપ મુક્તિ મળતી જાય છે.

તીર્થંકરનાં ચોત્રીસ અતિશયોમાંથી ચાર અતિશયોને સારભૂત માનવામાં આવ્યાં છે. સામાન્ય માનવીમાં ન સંભવે એવું આશ્ચર્યકારી જીવન તીર્થંકર ભગવાનનું હોય છે. એમના જીવનમાં આવી ચોત્રીસ બાબતો જોવા મળે છે.' સમવાય' નામના જૈન આગમની બૃહત વાચના અનુસાર તિર્થંકરના આ ચોત્રીસ અતિશયો મળે છે. એ પછી 'પવયણસારુદ્ધાર' અને 'અભિધાન ચિંતામણિ' એ કૃતિઓમાં પણ ચોત્રીસ અતિશયોનું વર્ણન છે.

ભક્તામર સ્તોત્રના પ્રથમ શ્લોકમાં તીર્થંકરના પૂજાતિશય, અપાયાપગમાતિશય, વચનાતિશય અને જ્ઞાનાતિશય એમ ચાર અતિશયોની વાત છે. પૂજાતિશય એટલે સર્વ દ્વારા પૂજાવું તે, અપાયાપગમાતિશય એટલે તીર્થંકર ભગવાન જ્યાં વિચરે ત્યાં લોકોના બાહ્ય-આભ્યંતર અપાયોનો (દુઃખોનો) અપગમ (નાશ) થાય છે. જ્યારે વચનાતિશય એટલે સામાન્યપણે જગતમાં કોઇની ન સંભવી શકે તેવી પાંત્રીસ ગુણોવાળી સર્વોત્તમ વાણી અને જ્ઞાનાતિશય એટલે તેઓ સગતમાં સામાન્ય માનવીમાં ન સંભવી શકે એવું અદ્‌ભુત સંપૂર્ણ-ત્રિકાળવર્તી જ્ઞાન ધરાવતા હોય છે.

ભક્તામર સ્તોત્રના પ્રથમ શ્લોકમાં આ ચારેય અતિશયોને આચાર્યશ્રીએ ગૂંથી લીધા છે. જેમકે (૧) ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણાં મુદ્યોતક- એ પદો વડે પૂજાતિશયનું સૂચન છે. (૨) 'દલિત પાપ તમો વિતાનામ્' એ પદ વડે અપાયાગમોતિશયનું સૂચન છે કારણકે અપાય એ પાપનું જ પરિણામ છે. (૩) 'આલંબનં ભવજલે પતતાં જનાનામ્ એ પદો વડે વચનાતિશય અને જ્ઞાનતિશયનું સૂચન છે, કારણકે જ્ઞાની સદ્‌વાક્ય જ ભક્તજનોને આલંબનરૂપ બની શકે છે.

આ રીતે પ્રથમ બે શ્લોકમાં આચાર્યશ્રી આદિનાથ ભગવાનના ચરણને સમ્યક્ પ્રણામ કરીને વિનમ્રતા અને ભક્તિસંકલ્પની દૃઢતા સાથે સ્તુતિનો પ્રારંભ કરે છે. (ક્રમશઃ)

# સકારાત્મક વિચારધારા વિષમ પ્રત્યાઘાતને નિવારી શકે

કૂવામાંથી કોસ દ્વારા પાણી સિંચી એ ખેડૂત પોતાની વાડીને લીલીછમ રાખવા દરરોજ વૃક્ષો, છોડ અને વાવેલા વિવિધ પાકોને પાણી પાય છે. એક દિવસ એ બપોર સુધી કોસ ચલાવી અને ઘરેથી લાવેલ 'ભાતહ્ઞ ખાવા માટે કૂવા પર પગ લટકાવીને બેઠો અને જમવાનું શરૂ કર્યું.

વાડીમાંથી એક સાપ આવ્યો અને એ સાપે ખેડૂતના પગમાં ડંખ દીધો અને ઝડપથી ઝાડીજાંખરામાં અદ્રશ્ય થઇ ગયો ખેડૂતને લાગ્યું કે, 'મારા પગમાં કોઇ કરડી ગયું લાગે છે.હ્ઞ તેણે આજુબાજુ જોયું તો એક ઉંદર દોડતો જઇ રહ્યો હતો. તેણે વિચાર્યું કે, 'ઓહ, ઉંદર કરડ્યો છે, કશો વાંધો નહીં. જમીને પછી નિરાંતે એનો ઉપચાર કરીશ.હ્ઞ શાંતિથી તેણે જમવાનું પૂર્ણ કર્યું. એવામાં એ ઉંદર ફરીથી ઝાડીમાંથી નીકળી ડંખ દઇ અને કૂવાના પાછળના ભાગમાં અદ્રશ્ય થઇ જાય છે. યોગાનુયોગ એ જ સમયે પેલો સાપ ઝાડીમાંથી નીકળી પસાર થઇ રહ્યો છે અને ખેડૂત વિચારે છે કે, 'ફરીથી ઉંદર કરડી ગયો કે શું ?હ્ઞ પરંતુ જુએ છે તો સાપ ત્યાંથી જઈ રહ્યો છે ! સાપને જોઇને ખેડૂતને અત્યંત આઘાત લાગે છે કે, 'નક્કી હવે તો આ સાપનું મને ઝેર ચડશેને પેટમાં ફાળ પડે છે કે, 'અરે, આ સાપના ડંખથી બચવું બહુ જ અશક્ય છેહ્ઞ અને ઊંડા આઘાતની હૃદય પર વિપરીત અસર થતાં એનું પ્રાણપંખેરું ઊડી જાય છે. ખબર નથી આ સાપ ઝેરીલો છે કે નહીં; વળી ગામડાના ખેડૂતોને સામાન્ય સાપના, વીંછીના કે એવા જીવોના ઝેરના મારણ કરતી વનસ્પતિનું પણ જ્ઞાન હોય છે. વિવિધ મંત્રો કે ઔષધિના જાણકાર દ્વારા પણ સાપના વિષનું નિવારણ થઇ શકે અને અંતે ડોક્ટર દ્વારા દવા કે ઇંજેક્શન વગેરે દ્વારા પણ જ્ઞાન હોય છે. વિવિધ મંત્રો કે ઔષધિના જાણકાર દ્વારા પણ સાપના વિષનું નિવારણ થઇ શકે અને અંતે ડોક્ટર દ્વારા દવા કે ઇંજેક્શન વગેરે દ્વારા પણ વિષ નિવારણની શક્યતાઓ રહેલી છે જે સર્પદંસવાળી વ્યક્તિનો જીવ બચાવી શકે, પરંતુ અહીં ખેડૂત નકારાત્મક વિચારથી ભયગ્રસ્ત બન્યો જે આર્તધ્યાન ચરમસીમા મૃત્યુમાં પરિણમી. દાર્શનિક કર્મવિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે અશાતા વેદનીયનો ઉદય જીવે ભોગવવો જ પડે છે, પણ સમતા, ધીરજના ગુણો હોય તો સકારાત્મક વિચારધારા જીવનને આર્તધ્યાનના કર્મબંધનથી બચાવી શકે.

એક બાળકને ડ્રોઇંગના વિષયમાં વિશેષ રુચિ. જ્યારે સમય મળે ત્યારે પ્રથમ ચિત્રો દોરવાનું ચિત્રકલાની પ્રેક્ટિસ કરવાનું ચાલુ કરી દે. એ દિવસ રજાનો હતો. પોતાનું બધું જ હોમવર્ક પૂરું કરીને બાળક પોતાને મનગમતાં કાલ્પનિક ચિત્રો બનાવવા બેસી ગયો. ભૂલથી એક ચિત્ર બનાવતાં એનાથી

**પ્રભાતના પુષ્પો**

**ગુણવંત બરવાળિયા**

ચિત્રની એક સાઇડમાં એક મોટો લીટો થઇ ગયો. બાળક સેડ-દુઃખી થઇ ગયો. તેણે જોયું કે, 'હવે તેની કલ્પના પ્રમાણેનું ચિત્ર આમાંથી નહીં બની શકે.હ્ઞ બાળકની મમ્મીએ તેનો રડમસ ચહેરો જોયો અને બાળકની ડ્રોઇંગ બુક તરફ દ્રષ્ટિ કરી અને જોયું તો લાગ્યું કે, બાળકની ચિત્ર બનાવવાની ઉતાવળથી ભૂલ થઇ ગઇ છે અને ચિત્રની એક બાજુની લાઇન જરા વધુ પડતી લંબાઇ ગઇ છે, જેથી તે મુંજાઇ ગયો છે. મમ્મી બાળકની તદ્દન સમીપ બેસી ગઇ અને કહે, 'તું તારી ડ્રોઇંગબુક મને આપહ્ઞ ને એ બુક લીધા પછી મમ્મીએ ચિત્રની બીજી બાજુ પણ એવો મોટો લીટો કર્યો. બન્ને જગ્યાએ વધારાની લીટીને અન્ય લીટી સાથે જોડાણ કર્યું. વચ્ચે ડિઝાઇન બનાવીને આ વધારાની લીટીની પાંખ બની ગઇ જેથી એક નવા જ ચિત્રનું નિર્માણ થયું. બાળકની મમ્મીએ જોડેલી એ લીટીથી હવે તો સુંદર પક્ષી બની ગયું ! ચિત્ર જોઇ બાળક રાજી થઇ ગયો. અહીં મમ્મીએ બાળકન ગુસ્સો કરી બાળકની ભૂલ બતાવી હોત તો તે રડત, પરંતુ મમ્મીએ આ ઘટનાને સકારાત્મક દ્રષ્ટિથી સ્વીકારીને બાળકને વેસ્ટમાંથી બેસ્ટ કેમ બની શકે તેનો પાઠ ભણાવી એક વિદ્યાગુરુની ભૂમિકા નિભાવી. હવે ભવિષ્યમાં બાળક ભૂલ કરશે તો સ્વયં સુધારી લેશે.

મહિલા રસોડાનાં સાધનો અને ગંદા ફર્શને કપડાથી લૂછી રહી છે. બહાર એક સંત ચીપિયો પછાડીને ભિક્ષા માગવા ઊભા રહ્યા છે, થોડીવારમાં કોઇ બહાર ન આવતાં સંતે ફરીથી ચીપિયો પછાડીને પ્રભુગાનની પંક્તિ લલકારી. મહિલાને પોતાના સફાઇકામમાં ખલેલ પડી. તે હાથમાં કપડા સાથે બહાર આવી અને ગુસ્સે થઇને હાથમાં રહેલું ગંદુ કપડું (મસોતુ) સંત ઉપર ફેંકીને ક્રોધમાં કહે કે, 'લે આ ભિક્ષાહ્ઞ.

સંત એકનાથ તો એ કપડું સ્વીકારી સસ્મિત 'શુભમ્ ભવતુહ્ઞ કહી આશીર્વાદ આપી વિદાય થયા. ફાટેલા ઝાળા-માળાવાળા ગંદા કપડાને ધોઇ એકનાથે સૂતરના તારો અલગ કરી ભગવાનની આરતીના દીપકની વાટ બનાવી પૂજામાં ઉપયોગ શરૂ કર્યો. આવા અપમાન સામે સંત અભિશાપના શબ્દો બોલ્યા હોત તો બન્ને પક્ષો આર્તધ્યાનના નિમિત્ત બન્યા હોત, પરંતુ અહીં અપમાન સામે આશીર્વાદ આપી સંતે નિજી જીવનના પરમ સકારાત્મક વિધેયાત્મક ભાવોનું આપણને દર્શન કરાવ્યું. આ ઘટનાએ સ્ત્રીને પણ વિચાર કરતાં કરી દીધી કે 'મારા ક્રોધ અને અપમાન સામે પણ મને આશીર્વાદ આપનાર સંત ખરેખર નમનને પાત્ર છે.હ્ઞ

જ્ઞાનીઓ કહે છે કે, જીવનની કોઇ પણ વિષમ ઘટનામાં સકારાત્મક વિચાર પ્રત્યાઘાતને આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં જતું અટકાવશે જે સ્વ પરની શાંતિ અને કલ્યાણનો માર્ગ છે.

# પરિવારમાં સુખ-શાંતિ અને સ્નેહ વધારવાના પાંચ સૂત્રો

માનવજીવનની સાચી સાર્થકતા માત્ર શ્વાસ લેવામાં કે ભૌતિક સંપત્તિ ભેગી કરવામાં નથી, પરંતુ અંતરની શાંતિ અને આત્માના કલ્યાણમાં છે. સંસારની આ ઘટમાળમાં માણસ આખી જિંદગી દોડતો રહે છે, જવાબદારીઓ નિભાવતો રહે છે, પરંતુ જીવનના ઉત્તરાર્ધમાં કે નિવૃત્તિની ક્ષણોમાં જ્યારે વળાંક આવે છે, ત્યારે અંતરમાં એક ખાલીપો વર્તાય છે. આવી ક્ષણોમાં સાચી શાંતિ કેવળ આધ્યાત્મિકતા અને સંતોના સદ્‌વિચારો જ આપી શકે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર- કુમકુમ- મણિનગર- અમદાવાદના સંસ્થાપક સાધુતાની મૂર્તિ સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામી પોતાના પ્રવચનોમાં અવારનવાર પરિવારમાં સુખ-શાંતિ અને સ્નેહ વધે તે માટે, સાચા અર્થમાં માનવજીવન કેવી રીતે જીવવું ? તે માટેની રીત તેઓ શીખવતા હતા. તેમની ૧૦૫મી પ્રાગટ્યજયંતી પ્રસંગે તેમણે દર્શાવેલા અમૂલ્ય આ પાંચ સૂત્રો આજના પ્રત્યેક પરિવારના સભ્યો માટે દિવાદાંડી સમાન છે.

**૧) ઘરમાં જતું કરવાની ભાવના કેળવવી :**

પરિવારમાં બે પેઢી વચ્ચેનું અંતર એટલે કે, જનરેશન ગેપ દૂર કરવાનો શ્રેષ્ઠ માર્ગ પ્રેમ અને પરસ્પર સમજણ છે. જૂની વાતો પકડી રાખવાથી ઘરમાં કલેશ અને કુસંપ વધે છે, જ્યારે ભૂલોને ભૂલીને 'જતું કરવાની વૃત્તિ' રાખવાથી સ્નેહ અને સંપના અંકુર ફૂટે છે. વડીલો અને યુવાનો વચ્ચેની ક્ષમાશીલતા જ ઘરને મંદિર બનાવે છે.

**૨) સામૂહિક ભોજન અને ભજન કરવું :**

આજના આધુનિક યુગમાં વધતા સ્ટ્રેસ અને એકલતામાંથી મુક્ત થવા માટે પરિવારે સાથે બેસવું જરૂરી છે. ઘરમાં સૌ સભ્યો દિવસમાં ઓછામાં ઓછું એક ટંક ભોજન લે અને સાથે શ્રી સ્વામિનારાયણ ભગવાનને સાથે મળીને પ્રાર્થના કે ભજન કરવું જોઈએ. એકબીજા સામે મન મોકળું રાખીને હળવાશથી વાતચીત કરવાથી અડધા ટેન્શન આપોઆપ ઓગળી જાય છે.



**૩) વાણીમાં મીઠાશ અને વિવેક રાખવો :**

માણસનો પગ લપસે તો પોતાના હાડકાં ભાંગે છે, પરંતુ જીભ લપસે તો સામાવાળાના મન અને સંબંધો હંમેશ માટે ભાંગી જાય છે. ઘણા સુખી ઘરો માત્ર વાણીના અવિવેકને કારણે વિખેરાઈ જતા હોય છે. માટે હંમેશાં સંયમિત, હિતકારી અને મધુર વાણી બોલવાનો આગ્રહ રાખવો જોઈએ.

**૪) સાંજ ઢળે એ પહેલા ભક્તિ કરી લેવી :**

શરીરમાં ચેતન અને સ્વાસ્થ્ય સારું હોય ત્યાં સુધીમાં પરમાત્માનું ભજન, સ્મરણ અને સત્સંગ કરી લેવો જોઈએ. ભજન યુવાની અવસ્થામાં જ થાય છે. ઘડપણમાં હોસ્પિટલમાં બિછાને માત્ર પીડા જ હાથ લાગે છે, ત્યારે ભજન થઈ શકતું નથી. તેથી સ્વાસ્થ્ય સારું હોય ત્યારે પ્રભુભક્તિની આંતરિક મૂડી ભેગી કરી લેવી એ જ હિતાવહ છે. 'શિક્ષાપત્રી'ની નૈતિક આજ્ઞાઓનું આચરણ કરવું જોઈએ. આપણે પૃથ્વી પર શા માટે આવ્યા છીએ ? અને આખો દિવસ શું કરી રહ્યા છીએ ? તેનું રોજ રાત્રે આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

**૫) પરહિત એ જ સાચો ધર્મ :**

શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સમગ્ર જીવન પરોપકારમય હતું. તેમના જીવનમાંથી પ્રેરણા લઈને આપણે પણ કોઈ દુઃખી, અસહાય કે જરૂરિયાતમંદ વ્યક્તિની તન, મન અને ધનથી અવશ્ય સેવા કરવી જોઈએ. સેવા અને કરુણા જ જીવનને પ્રકાશમય બનાવે છે.

આ પાંચ સુખી થવાના રાજમાર્ગ આપનાર સાધુતાની મૂર્તિ સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામીનું સમગ્ર ૧૦૦ વર્ષનું આયુષ્ય અને ૮૦ વર્ષનું સાધુજીવન માનવસમાજના નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન માટે સમાજને સમર્પિત થયેલું છે.

**- સાધુ પ્રેમવત્સલદાસજી કુમકુમ**

**શરીરમાં ચેતન અને સ્વાસ્થ્ય સારું હોય ત્યાં સુધીમાં પરમાત્માનું ભજન, સ્મરણ અને સત્સંગ કરી લેવો જોઈએ. ભજન યુવાની અવસ્થામાં જ થાય છે. ઘડપણમાં હોસ્પિટલમાં બિછાને માત્ર પીડા જ હાથ લાગે છે**

# આપણા અહંકારને પોષતાં ત્રણ અવલંબન

શરીર, સંપત્તિ અને સંબંધ - જે પોતે અસ્થિર છે, ડગુ-મગુ છે, ચલાયમાન છે તેવા પાયા ઉપર નિર્માણ પામેલી ઇમારતનું આયુષ્ય કેટલું?

આપણા ક્ષણભંગુર શરીરમાં રહીને, 'હું...હું...' કરીને સ્ફુરી રહેલા અહંકારનું પણ આવું જ છે. સ્વસ્થ શરીર, અપાર સંપત્તિ અને ગાઢ સંબંધો આપણા અભિમાનને પોષણ આપે છે. આ ત્રણેય અવલંબનો પોતે જ ખોખલા છે. આપણા અહંકારનું અવલંબન આવા હચમચી ગયેલા ખોખલા થઈ ગયેલા પાયા ઉપર ટકેલું છે. પાયો મજબૂત હોય તો ઇમારત મજબૂત બને છે, લાંબો સમય ટકે છે. શરીર, સંપત્તિ અને સંબંધોના અભિમાનમાં રાચતા આપણે.. તેની ક્ષણભંગુરતાને સમજી જઈએ તો અભિમાન મુક્ત બની શકાય છે.



**શરીર:** આપણું શરીર અત્યારે ગમે તેટલું સુંદર, તંદુરસ્ત, ભરેલું, મુલાયમ હશે તો પણ તે કાયમી આવું ને આવું ટકી રહેવાનું નથી. બાળપણ, યુવાની અને ઘડપણ... સમય તેની રેખાઓ આંકવાનું ભૂલતો નથી. માટે ગમે તેવા શક્તિશાળી શરીરનું અભિમાન કરવા જેવું નથી.

**સંપતિ:** ગમે તેટલી સંપતિ એકઠી કરી હશે તો પણ તે કાયમ ટકવાની નથી. લક્ષ્મી અતિ ચંચળ છે. આજના કરોડપતિને કાલે રોડપતિ (ભિખારી) થતાં જોયા છે. તેથી સંપતિનું અભિમાન કરવા જેવું નથી.

**સંબંધ:** સંબંધો અન્યો અન્ય આશ્રિત છે. ક્યારે બાજી બગડે. કંઈ નક્કી નથી. ગમે તેવા મોટા માણસ સાથેના સંબંધોનું અભિમાન કરવા જેવું નથી.

આપણા અહંકારને પોષતાં આવાં અવલંબનો પોતે ક્ષણભંગુર છે, અસ્થિર છે. માટે તેના ભરોસે અભિમાન કરીને 'હું...હું... મેં... મેં. તારું કરીને ફુલાઈ જવાની જરૂર નથી. અભિમાન કરવા જેવું નથી.

**બાળપણ, યુવાની અને ઘડપણ... સમય તેની રેખાઓ આંકવાનું ભૂલતો નથી. માટે ગમે તેવા શક્તિશાળી શરીરનું અભિમાન કરવા જેવું નથી**

# વિવિધ શાસ્ત્રોમાંથી ચૂંટેલી સુંદર ઉક્તિઓ

| | | |
|---|---|---|
| ૧ | ઇશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્ | અત્ર,તત્ર,સર્વત્ર પ્રભુનો વાસ છે. |
| ૨ | અપ્પ દીપો ભવ | તારો દીપક તું જાતે જ બન. |
| ૩ | આનંદમ્ પરમ ઔષધમ્ | આનંદ જેવી બીજી કોઈ દવા નથી. |
| ૪ | ગહના કર્મણો ગતિઃ | કર્મની ગતિ અતિ ગહન છે. |
| ૫ | તેન ત્યક્તેન ભૂંજીથા | ત્યાગીને ભોગવી જાણો. |
| ૬ | વસુધૈવ કુટુંબકમ્ | આખી પૃથ્વી આપણો પરિવાર છે. |
| ૭ | ન ક્ષુધા સમઃ શત્રુઃ | ભૂખ જેવું ભૂડું બીજું કશું પણ નથી. |
| ૮ | આહાર શુદ્ધઃ સત્ત્વ શુદ્ધિ | શુદ્ધ આહારથી શુદ્ધ અંતઃકરણ બને છે. |
| ૯ | હિંસયા દૂયતે ચિતં ઇતિ હિંદુ | હિંસાથી જેનું મન દૂભાય તે હિંદુ |
| ૧૦ | પરધર્મો ભયાવહ | પારકા ધર્મનું આચરણ આફ્ત નોંતરે છે. |
| ૧૧ | ભોજનાંતે પિબેત તક્રમ વિષમવારિ | ભોજન પછી છાશ અમૃત અને પાણી વિષ છે. |
| ૧૨ | યોગ : કર્મસુ કૌશલમ્ | કુશળતાથી કર્મો કરવાં એ યોગ જ છે. |
| ૧૩ | શુભસ્ય શીઘ્રમ | શુભ કામ કરવામાં વિલંબ ન કરો. |
| ૧૪ | જ્ઞાનં ભાર : ક્રિયામ્ વિના | આચરણ વગરનું જ્ઞાન બોજારૂપ છે. |
| ૧૫ | ગૃહિણી ગૃહમ્ ઉચ્યતે | ગૃહિણી એટલે જ ઘર. |
| ૧૬ | તસ્ય વાચક : પ્રણવઃ | ૐ(પ્રણવ) પરમાત્માનું જ સ્વરૂપ છે. |
| ૧૭ | મનોનિવૃતિ : પરમોશાન્તિ | મન ઉપર કાબૂ જ પરમશાંતિ છે. |
| ૧૮ | અયમ આત્મા બ્રહ્મ | આપણો આત્મા એ જ બ્રહ્મ છે. |
| ૧૯ | મા વયં રિપામ્ | કોઈનો પણ અન્યાય સહન કરશો નહિ. |
| ૨૦ | સમત્વમ્ યોગ ઉચ્યતે | સમતા એ જ યોગ છે. |
| ૨૧ | સર્વ પરવશં દુઃખ, સર્વમાત્મવશસુખમ્ | પરાધીનતા દુઃખ છે, સ્વાધીનતા સુખ છે. |
| ૨૨ | સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તિ | બધા જ ગુણો ધનને આધિન છે. |
| ૨૩ | આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાંન સમાચરેત | પોતાને જે પ્રતિકૂળ છે તે બીજા માટે ન કરશો. |
| ૨૪ | મંત્રમૂલાઃ સર્વારંભા | તમામ ચર્ચાવિચારણા પછી જ કાર્ય કરો. |
| ૨૫ | શ્રદ્ધા વૈ ધર્મ | સાચી શ્રદ્ધા એ જ ધર્મ છે. |
| ૨૬ | જનની જન્મભૂમિ સ્વર્ગાદ્‌અપિ ગરીયસી | જનની, જન્મભૂમિ સ્વર્ગથીય ચડિયાતી છે. |
| ૨૭ | શરીરમાદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્ | ધર્મપાલનનું ખરૂ માધ્યમ શરીર જ છે. |
| ૨૮ | ધર્મો રક્ષતિ રક્ષિતઃ | રક્ષણ કરાયેલ ધર્મ જ સૌની રક્ષા કરે છે. |
| ૨૯ | જાતસ્યહિધ્રુવો મૃત્યુ, ધ્રુવંજન્મ મૃતસ્ય ચ | જન્મેલાનું મૃત્યુ નક્કી છે, મરેલાનો જન્મ નક્કી છે. |
| 30 | સત્યમેવ જયતિ, ના નૃતમ્ | સત્યનો જ વિજય થાય છે, અસત્યનો નહિ. |